7936

# બુદ્ધિપ્રભા

અંક ૬૮

૧૦ જુલાઈ ૧૯૬૫

વરસ ૬

જૈન ડાયજેસ્ટ

श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि. ३८२००९

## જીવન મંત્ર

દુઃખીઓનાં હૃદય દ્રવતાં
દુઃખથી આંસુડા એ;
લૂછું એવું, જગ શુભ કરું,
કો ન રહે દુઃખડાએ;
આત્મોલ્લાસે સતત બળથી,
સર્વને શાંતિ દેવા;
ધારું ધારું હૃદય ઘટમાં,
નિત્ય હો વિશ્વસેવા;

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી.

8035

मित्ती मे सव्व भूएसु वेरं मज्झं न केणई।

**બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.**

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન મંદિર સંચાલિત.



# બુદ્ધિપ્રભા

[ ડિસેમ્બર ૭૮ ]


સંપાદક

ગુણવંત શાહ

રૂા. ૫–૦૦ (ભારત)

રૂા. ૭–૦૦ (પરદેશ)

C/o જે. એસ. ફંતારા

૧૨/૧૬, ત્રીજો ભોયવાડો

પહેલે માળે

મુંબઈ ૨.

રુબરુ મળો :

C/o ભગવાન શાહ

૧૭૦/૭૨, ગુલાલવાડી

પહેલે માળે

મુંબઈ—૪.


## પ્રેમ ગીતા

પ્રેમ જેટલો સૌમ્ય છે તેટલો જ તે તોફાની પણ છે.

જો તેનું માંગ્યું બધું તમે ન આપો તો એ તમારા આરાધ્ય દેવને.

પછી ભલે તે બ્રહ્મા–વિષ્ણુ કે મહાદેવ હોય;

તમારા હૃદય મંદિરમાંથી ઉખાડીને ફેંકી દેશે.

*

[illegible] આંખે તું મારા પ્રેમ [illegible]

તો ભાઈ ! રહેવા [illegible]

તને મારા પ્રેમના દર્શન નહિ [illegible]

એ માટે શ્રદ્ધાથી, તારી ઊર્મિલ આંખે જો.

અને તને મારો પ્રેમ દર્શન દેશે જ દેશે.

*

પ્રેમ કદી કોઇને છેતરતો નથી, તેમ નથી એ કોઇનાથી છેતરાતો.

જગતમાં જે છેતરપીંડી પ્રેમની દેખાય છે, તે તો કોઈ તેના નામનો અંચળો ઓઢીને કરે છે; ખુદ પ્રેમ તેવું કરતો નથી.

*

પ્રેમથી જો તમારું જીવન સ્થિર અને સુંદર ન બને તો નક્કી માનજો કે—

તમે પ્રેમના ભળતા નામનું જ રૂપાળું ટીપી રહ્યા છો.

*

પ્રેમના શબ્દકોષમાં આ મહાન શબ્દો છે.

સેવા–ભક્તિ અને મૈત્રી.

ત્રણમાંથી તમે ગમે તેની આરાધના કરો; એ આરાધના પ્રેમની જ બની રહેશે.

*

ધર્મનો પ્રચાર તમે પ્રેમથી કરી શકો; બળથી નહિ.

અને એ પ્રેમપ્રચાર જ તમારા ધર્મને અમર બનાવશે.



# સંગમ

## મુનિશ્રી રાકેશ

( મહાવીર જયંતિ પ્રસંગે **જૈન ભારતી** એ સમન્વય અંક કાઢ્યો હતો. એ અંકમાં વિવિધ લેખકોએ આપણા સકલ સમાજને એક થવાની હાકલ કરી હતી. મુનિશ્રી રાકેશે સમન્વયના સંદર્ભમાં કેટલાક વિશિષ્ઠ પ્રસંગો આલેખ્યા હતા. જે અત્રે તેમના તેમજ રજુ કરવામાં આવે છે. )

(१)

एक दिन पति–पत्नी में विवाद चल पड़ा। पति ने कहा–आजकल व्यापार में नाना प्रकार की कानूनी कठिनाइयाँ हैं, इसलिये पुत्र को वकील बनाऊँगा। 'किन्तु भावावेश में आकार पत्नी ने कहा–नहीं-नहीं, ऐसा नहीं हो सकता, मैं हर समय बीमार रहती हूँ, इसलिये पुत्र को डाक्टर बनाना है'। दोनों का विवाद घन्टों तक चलता रहा किन्तु किसी भी प्रकारका निर्णय नहीं हो सका।

इतने में एक बुद्धिमान् मनुष्य वहाँ आ गया। उसने झगड़े का कारण पूछा। पति–पत्नी ने सारी बात बतलाई। आगन्तुक ने सहज भाव से कहा–यदि पुत्र वकील बनना चाहे तो उसे वकालत पढ़ाई जाए तथा डाक्टर बनना चाहे तो डाक्टरी पढाई जाए। पुत्रको बुलाओ, मैं अभी फैसला कर देता हूँ, इसमें झगड़ने की क्या बात है?

उसका कहना पूरा ही नहीं हुआ कि पति-पत्नी हँसने लगे। उन्होंने कहा–" अभी पुत्र का जन्म ही कहाँ हुआ है, यह तो आगे की कल्पना है।

समन्वय के लिये यह आवश्यक है कि जो प्रश्न आध्यात्मिक साधना और भावना से व जीवन से सम्बन्धित नहीं है, उसके लिये होने वाले काल्पनिक कलहों और विवादों में शक्ति को नष्ट नहीं किया जाय।

(२)

हरि गरज्यो, हरि उपज्यो, हरि आयो हरि पास ।
जब हरि हरि में गयो, तब हरि भयो उदास ॥

इसका अर्थ है–बादल गरजा–बरसा, मेंढक पैदा हुआ, साँप मेंढक के पास आया किन्तु, जब मेंढक पानी में चला गया तो साँप उदास हो गया।

इस मध्य में हरि शब्द अनेक अर्थों में प्रयुक्त किया गया है। भाषा का भण्डार अपार है। किस शब्द को कहाँ किस अर्थ में काम में लिया गया है, यह समझना कभी–कभी बड़े–बड़े पण्डितों के लिये भी कठिन हो जाता है।

समन्वय के लिये यह आवश्यक है कि शाब्दिक खींचातानी में न पड़ सरलता से शुभ आशय को ग्रहण किया जाय।

* * *

एक बार एक पादरी, मौलवी और सन्यासी साथ–साथ जा रहे थे। रास्ते में एक रुपैया मिला। पादरी ने कहा—"इससे ग्रेप्स खरीदेंगे"। मौलवी ने कहा—'अंगूर खरीदेंगे'। सन्यासी ने कहा—'नहीं–नहीं मुझे द्राक्षाफल अच्छे लगते हैं, वही खरीदेंगे।

तीनों का मतलब एक था, पर शब्द भिन्न थे।

समन्वय के लिये यह आवश्यक है कि दूसरा क्या कहता है, उसे शान्ति से समझने का प्रयास किया जाय। कभी–कभी हमारे कहने का जो मतबल होता है, सामने वाले का भी वही होता है। किन्तु मानसिक स्थिति आवेश और असहिष्णुता से प्रभावित होने के कारण बिना मतलब उलझन पैदा हो जाती है व परस्पर अशान्ति बढ़ जाती है।

( ३ )

पिता और पुत्र बाहर के कमरे में बैठे हुए थे। भीतर से एक काँच के बर्तन के फूटने की आवाज आयी। पिता ने कहा—पुत्र ! जरा निगाह करो, बर्तन किसने फोड़ा है ?

पुत्र ने कहा—पिताजी ! यहाँ बैठे-बैठे ही जान लिया है, भीतर जाने की जरूरत ही नहीं है।

पुत्र के उत्तर से पिता को विस्मय हुआ।

जब घर में दस-बारह मनुष्य हैं तब यह तुमने कैसे जान लिया ?

पुत्र ने कहा—यह बर्तन मेरी माँ के हाथ से फूटा है। यदि और किसी से फूटता तो सदा के नियम के अनुसार बर्तन की आवाज के साथ-साथ एक आवाज और होती। दूसरी आवाज नहीं होने के कारण मैंने जो अनुमान किया है, वह बिल्कुल सही होना चाहिये।

बाद में जाँच की गयी तो पुत्र का कहना सही रहा।

उस लड़के की माता दूसरों की छोटी सी गलती पर आग बबूला होकर बरस पड़ती थी और अपनी बड़ी से बड़ी भूल पर भी उसका ध्यान नहीं जाता था।

समन्वय के लिये यह आवश्यक है कि हम गुण ग्राहक बनें दोषदर्शी नहीं।

( ४ )

माता ने कहा—पुत्र ! ग्रहण की हुई—पकड़ी हुई वस्तु कभी छोड़ना नहीं चाहिए। जिस मनुष्य के विचार अस्थिर होते हैं-समय २ पर बदलते रहते हैं, वह अपने जीवन में कभी सफल नहीं हो पाता।

मूर्ख पुत्र ने गधे की पूंछ पकड़ ली।

गधे ने जब स्वभाव का परिचय देना शुरू किया तो पुत्र रोने लगा।

पड़ोसी ने हँसते हुए कहा—जान बूझकर मार क्यों खाता है, पूंछ छोड़ क्यों नहीं देता ?

पुत्र—मेरी माता ने कहा था कि पकड़ी हुई वस्तु छोड़ना नहीं चाहिए।

हठाग्रही पुत्र ने माता के कहने का मतलब नहीं समझा और उसे बिल्कुल विपरीत अर्थ में ग्रहण किया।

समन्वय के लिये यह आवश्यक है कि सत्याग्रह और दुराग्रह का भेद स्पष्ट हो।

सत्याग्रह में विवेक होता है, दुराग्रह में जड़ता होती है। सत्याग्रही सोचता है—जो सत्य है वही मेरा है, किन्तु दुराग्रही स्वयं को ही सत्य मानता है व अपने अज्ञान से असत्य का पोषण करता है।

( ५ )

एक दिन हाथ की अंगुलिओ में बड़प्पन को लेकर विवाद हो गया। चारो फैसला करने के लिये अंगूठे के पास पहुंची व अपनी २ विशेषताओ का वर्णन करने लगे। सबसे पहले अंगूठे के पास की तर्जनी अंगूली ने कहा—मैं लिखती हूँ, चित्र बनाती हूँ, गलती करने वाले को तर्जना देती हूं, इसलिये सबसे बड़ी मैं हुँ।

मध्यमा ने कहा—बीणा की मधुर ध्वनि से सबके मन को खुश करती हूँ, चिमटी बजाती हुँ व आकार में भी सबसे बड़ी हूँ, इसलिये मेरा बड़प्पन तो स्वतः सिद्ध है।

अनामिका ने कहा—देवों का पूजन करना व स्वस्तिक बनाना आदि सभी प्रकार के मंगल कार्य मेरे द्वारा सम्पन्न होते हैं, अतः बड़ी कौन है यह बताने की आवश्यकता ही नहीं है।

कनिष्ठा ने कहा—किसी भी प्रकार का कार्य करते हुए कानोंमें खुजलाहट होती है तब नम्र भावसे सबकी सेवा करती हूं।

पौराणिक और ऐतिहासिक कथानकों में मेरे बलिदान की कहानियाँ भू-मण्डल पर सदा गुँजती रही हैं, अतः मुझे सबसे अधिक महत्व मिलना चाहिए।

अंगूठे ने फैसला देते हुये कहा—बहिनों! बड़प्पन को लेकर झगड़ा मत करो। सह-अस्तित्व के सिद्धान्त को अपनाकर शान्ति से रहे व अपना कर्त्तव्य निभाती रहो। तुम अपने २ स्थान पर सभी बड़ी हो,

किन्तु दूसरों के प्रति हीनता और क्षुद्रता की कल्पना मत करो। परस्पर के सहयोग के विना सारी शक्ति श्लथित और कुंठित हो जाती है, एक भी कार्य पूरा नहीं हो सक्ता। बड़प्पन के विवाद को छोड़ो व सह-जीवन की सीमाओं को समझ कर सुखी और समृद्ध बनो।

समन्वय के लिये सहअस्तित्व का आधार सदा अपेक्षित रहता है। जहाँ अहं भाव के कीटाणु दूसरों की जड़ो पर आक्रमण करने का प्रयास करते हैं वहाँ समन्वय की धारा आगे नहीं बढ़ सक्ती, बीच में ही खण्डित और स्खलित हो जाती है।


# BAPALAL KOTHAREE

PROPRIETOR : KOTHAREE&SONS

**Founder : SAGO INDUSTRY**

**62-B, Peria Eluthukara Street**

**Post Box No. 201.**

**SHEVAPET, SALEM-2**

**(MADRAS)**

Phone : **3227**
**3429**

Gram : **KOHINOOR**

# જૈન સમાજના
# તમામ પત્રકારોને આ પાનુ
# સાદર સમર્પણ

જૈન ધર્મ સંબંધી પત્રો કાઢનારાઓ જો એક બીજા ઉપર આક્ષેપો કરે તો ખરેખર! જૈન ધર્મની અવનતિ જ થાય!!

પત્રકારોએ મળતી બાબતોમાં સંપ કરીને ચાલવું જોઇએ અને જે બાબતો મળતી ન આવતી હોય તે બાબતમાં પત્રકારોએ દલીલ આપીને પોતાના વિચારોને ગંભીરપણે ચર્ચવા જોઇએ.

**અને વ્યકિત નિંદા આદિ દોષોથી દૂર રહીને ઉદાર-ભાવથી ધાર્મિક વિષયોને ચર્ચવા જોઇએ.**

હાલમાં પત્રકારો પોતાના મૂળ ઉદ્દેશને સાચવીને સામાજિક ઉન્નતિ માટે જોઇએ તેવો પ્રયત્ન કરતા નથી.

પત્રકારોમાં ગંભીરતા, ઉદારતા, ભ્રાતૃભાવ, શુદ્ધપ્રેમ, ઉત્તમ નીતિ, વિશાળ વૃત્તિ અને બીજાઓની સાથે સંપ જાળવવાની શકિત આદિ સદ્ગુણો હોવા જોઇએ.

પત્રકારોએ સ્વાર્થ દૃષ્ટિનો ત્યાગ કરવો જોઇએ અને પરમાર્થ બુદ્ધિથી લેખો લખવા પ્રયત્ન કરવો જોઇએ.

આ જમાનામાં સંકુચિત દૃષ્ટિનું રાજ્ય ચાલવાનું નથી. કારણ આ જમાનામાં તો વિશાળ દૃષ્ટિનું રાજ્ય પ્રવર્તે છે.

જૈનો જમાનાને અનુસરી જૈનાગમોને અવિરોધી એવી વિશાળ દૃષ્ટિને ધારણ કરશે તો ઉત્ક્રાન્તિના જમાનામાં બીજી ધર્મી પ્રજાઓની સાથે સ્પર્ધામાં ટકી શકશે.

**નહિ તો જૈનોનો વ્યાવહારિક તેમ જ ધાર્મિક અભ્યુદયનો સંભવ નથી.**

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

ધીરુ પરીખ

❁

# પાપના આરેથી

'એ...આવજો શેઠ !' કહી, છેલ્લા ગ્રાહકને વિદાય આપી, સુખલાલ પાછો ગાદી પર તો બેઠો. પરંતુ એનું મન તો દોડ્યું પેલા શેઠની પાછળ પાછળ. એ વિચારી રહ્યો કે "તેઓ કાપડ પાછળ કેટલા બધા પૈસા પાણીની પેઠે વેરતા ગયા ! અને હું મારી પત્નીની આખરી ઇચ્છા પૂરી કરવા એક બનારસી સાડી પણ નથી લઇ શકતો ! અરેરે ! જ્યાં છે ત્યાં ઢગલે ઢગલા છે ને નથી ત્યાં..."

કોણ જાણે આમ વિચારવંટોળમાં એ ક્યાંય સુધી ઘસડાઈ જાત જો સામેની ભીંત ઘડિયાળે આઠના ટકોરા પાડી તેને દુકાન બંધ કરવાનું ભાન ન કરાવ્યું હોત તો ફરી એ તરત જ સ્વસ્થ થઈ ગયો. આમ તો એ પ્રકૃતિએ સ્વસ્થ ને ધાર્મિક જીવ જ હતો. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી એ ક્યારેક સ્વસ્થતા ગુમાવી બેસતો. કારણ કે એના કંગાલ જીવનની મોંઘેરી મૂડી સમાન તેની પત્નીનો જીવનદીપ ટાઇફોઇડની આંધીમાં અટવાયો હતો. અને અધૂરામાં પુરું તે અંતિમ રઢ લઇને બેઠી હતી કે તેને મરતાં મરતાં ય બનારસી સાડી પહેરવાનો એક કોડ પૂરો કરી લેવો છે. અને આની જ સુખલાલને વિમાસણ હતી કે બનારસી સાડી લાવવી કેમ કરીને ?

સુખલાલે સામે દીવાલ પર ટાંગેલા ઘડિયાળ તરફ જોયું. આઠ વાગી ચૂક્યા હતા. દુકાન બહાર તેણે નજર કરી. અંધારું ઉતરી ચૂક્યું હતું. અન્ય દુકાનોનાં બારણાં દેવાઈ રહ્યાં હતાં તે ઉભો થયો. પોતાની દુકાનનું બારણું અરધું વાસ્યું. પાછો આવીને તે ગાદી પર બેઠો. તેની વ્યગ્ર નજર દુકાનની દીવાલો પર ઘૂમી વળી. ત્યાં વિવિધ સુવિચારો દર્શાવતાં પૂંઠાઓ લટકતાં હતાં. ત્યાં એક પૂંઠા પર લખ્યું હતું:

" ઇશ્વર પર શ્રદ્ધા રાખનાર કદાપી નિરાશ થતો નથી. "

તેનું મન કચવાટ કરી ઊઠ્યું: 'શું ધૂળ નિરાશ થતો નથી ! શું મારી

શ્રદ્ધા ઓછી છે તે મારી પત્ની આમ મરણના મુખ સુધી પહોંચી જાય ?"

ત્યાં તો તેના સ્વસ્થ મને તેને ઠપકો આપ્યો: 'ભલા આદમી ! આટલી રજમાત્ર વ્યગ્રતા એ પણ અશ્રદ્ધાનું જ પરિણામ છે.' અને તે વળી પાછો ગાદી પરથી ઊભો થયો. પેલા છેલ્લા ગ્રાહકને બતાવવા કાઢેલા ભાતભાતના, વિવિધરંગી કાપડના ખડકલા હજી એમ ને એમ ફરસ પર પડયા હતા...

નાયલોન...જ્યોર્જેટ...રેઓન... ગેબર્ડીન...ડેકન...શાર્કસ્કીન—

"છટ્, મારે શું ? બેંકની રકમ બેંકના કલાર્કની થોડી હોય છે ?" એમ મનોમન બબડી, ઊકેલેલા તાકાઓ તે ફરી સંકેલવા લાગ્યો. સંકેલાયેલા તાકાઓ લાકડાના રંગીન ઘોડાઓમાં ગોઠવાવા લાગ્યા. ત્યાં તો એક તાકો ગોઠવવા જતાં બાજુમાંથી બનારસી સાડીનું એક ખોખું નીચે પડયું. સુખલાલ તે ખોખું લેવા નીચે નમ્યો. નીચે નમ્યો ને તે અટકયો......

'કેવી સુંદર લાગે છે ?' તે ખોખા પર કોઈ યુવતીની નયનમનોહર છબી જોઈ તેનાથી બબડી જવાયું. મરણ

આકર્ષક અને લોકપ્રિય.............

ક્રાઉન PURE ALUMINIUM THE CROWN બ્રાન્ડ

એલ્યુમિનિયમનાં વાસણો તથા એનોડાઈઝડ એલ્યુમિનિયમની વસ્તુઓ

સૌ કોઈનો અભિપ્રાય છે કે 'ક્રાઉન' બ્રાન્ડની વસ્તુઓ દેખાવે સુંદર, આધુનિક ઘાટવાળી, ટકાઉ અને ખર્ચેલા નાંણાનું વળતર આપી રહે તેવા હોય છે

ઘર, હોટલ, હોસ્પીટલ તથા કોઈપણ ઉદ્યોગ એલ્યુમિનિયમની જરૂરિયાતો અમે પૂરા પાડીએ છીએ.

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

'ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ' : ૨૩, બ્રેબોન રોડ : કલકત્તા-૧

મુંબઈ ★ મદ્રાસ ★ દિલ્હી ★ નાગમહેન્દ્રા ★ લંડન

**જૂઠું બોલનારાઓએ પોતાની સ્મરણશક્તિ સારી રીતે રાખવી જોઇએ.**

પથારીએ પડેલી પોતાની પત્ની તેને યાદ આવી ગઈ. તેની આજીજીભરી વિનંતિ સાંભરી આવી.

'તમે મને એક બનારસી સાડી ન લાવી આપો ? મારી આટલી મનેખા પાર ન પાડો ?'

પેલા ખોખા સામે જોઈ તે બબડયો: 'આવી જ સાડી વિશે તે કહેતી હતી ને ?' અને એ ખોખું હાથમાં લેતાં તેનું મન પોકારી ઊઠયું: 'જરૂર, જરૂર, આવી એક સાડી તો લઇ જવી જ પડશે. ફરી હવે એ કયારે માગવા આવવાની હતી ? મારે ત્યાં આવી એણે શું સુખ જોયું છે ? નથી એક પણ સારું ઘરેણું જોયું કે નથી જોયું એકેય સારું લૂગડું ! એની આટલી છેલ્લી માગણીને હું ન સંતોષી શકું ? જરૂર, આ એક બનારસી સાડી લઇ જ જઇશ.'

પળભર તેનું મન શાંત થઇ ગયું. પણ ફરી પાછું ગણગણવા લાગ્યું: 'હમણાં પેલા શેઠશેઠાણી કેટલો બધો ખર્ચ કરી ગયાં ! શેઠાણી ના પાડતાં'તાં તોય શેઠે તેમને કેટલી બધી સાડીઓ અપાવી ? તો પછી હું મારી પત્નીની છેલ્લી ઇચ્છા પૂરી કરવા એકાદ બનારસી સાડી ન લઈ જાઉં ?'

તેનો હાથ લંબાયો. ખોખું ઊંચકાયું. ખોખા પરથી નજર ઊંચકાઇ. અને એ ઊંચકાયેલી નજર સામે દીવાલ પર લટકતા પૂંઠા પર પડી.

'ગુમાસ્તાધારા મુજબ અમારી દુકાન દર મંગળવારે બંધ રહેશે.'

" ઓહ ! હું તો ગુમાસ્તો છું." ભયથી કાચબો પોતાના અંગો સંકોરી લે તેમ સુખલાલે, આ નક્કર વાસ્તવિકતાનું ભાન થતાં, ફેલાયેલી વૃત્તિઓવાળું પોતાનું મન સંકોરી લીધું: " હું તો ગુમાસ્તો છું. માસિક રૂપિયા પચાસનો પગારદાર. અને આ એક જ સાડીની કિંમત મારા ત્રણ પગાર...ના, ના, મને તે ન પોસાય. તે સાડી મારા જેવા મામૂલી ગુમાસ્તા માટે નથી. "

સુખલાલે તે બનારસી સાડીનું ખોખું તેની જગ્યાએ મૂકી દીધું. વળી પાછો નીચે પડેલા શાર્કસ્કીનના 'રોલ' લપેટવા લાગ્યો. પણ એ સાથે એનું મન વધુ ને વધુ ભીંકેલાવા લાગ્યું.

" પેલા શેઠ......હમણાં જ ગયા તે પોતાની પત્ની માટે કેટલી મોટી

કેમ ખર્ચી શકે છે? કારણ એમની પાસે પૈસા છે. એમની પાસે પૈસા છે કારણ એમની પાસે 'આવડત' છે—અનીતિ, આબરૂદાર ચોરી ઊઘાડી નહીં પડવા દેવાની !

"અને મારી પાસે?...હું પણ એવી આવડત અજમાવું તો? પેલું બનારસી સાડીનું ખોખું...ઘેર જાઉં ત્યારે લઈ જાઉં. મારા શેઠના તો મારા પર ચાર હાથ છે. મારા પર તેમને સંપૂર્ણ વિશ્વાસ છે. હું જે કાંઇ કહું તે તેઓ માની લે છે.....

"...તો પછી આજે એ ખોખું લઇ જ જાઉં. ભવિષ્યમાં ખબર પડશે ત્યારે કહીશ કે ગ્રાહકોની ભીડમાં કોઈ એ બનારસી સાડીનું ખોખું સરકાવી ગયું હવે...બસ, પતી ગયું. શેઠ જરા ખીજાશે એટલું જ. બાકી મારા પર વિશ્વાસ છે એટલે મારા પર તો શંકા નહીં જ જાય. ને મારું કામ બની જશે...હાશ..." સુખલાલે છુટકારાનો દમ મૂક્યો. પણ વળી પાછું એનું બીજું મન બબડવા લાગ્યું:

"અરે! પણ આમ કેમ થાય? એ વિશ્વાસઘાત ન કહેવાય? એ અપ્રામાણિકતા ન કહેવાય? શેઠને ભલે એ આ વાતની ખબર નહીં પડે. પણ પેલો ઉપરવાળો થોડો આંધળો છે? ના, ના, આવું નથી કરવું."

> **જે પોતાનો મત ક્યારે ય બદલતો નથી, તે પોતાની ભૂલો ક્યારે ય સુધારતો નથી.**

સામે દીવાલ પરની ઘડિયાળમાં ટક...ટક...ટક...ટક...થતું હતું.

સુખલાલના હાથ યંત્રવત્ કામ કર્યે જતા હતા. નીચે ખડકાયેલા કાપડના તાકાઓ સંકેલાઈ સંકેલાઇને તેમની જગ્યાએ ગોઠવાયે જતા હતા.

"ટન..."

સાડા આઠ થયા.

સુખલાલે ઝડપથી બધું વ્યવસ્થિત કરવા માંડ્યું. સાથે સાથે જાણે એનો મનને પણ વ્યવસ્થિત કરતો હતો: 'મારે શા સારું સાડી ચોરવી પડે? પત્નીને ખુશ કરવા શા માટે મારે વિશ્વાસઘાત અને અપ્રામાણિકતાનું પાતક વહોરવું?"

ઊંડેથી જાણે એને કોઇએ પડકાર્યો: "છટ્, નબળા મનના! નબળા મનના માણસો જ પ્રામાણિકતા ને વિશ્વાસનો ડોળ કરે છે. નબળા મનના માણસોજ પોતાના કુટુંબને દુઃખી કરી મૂકે છે."

સુખલાલ વિચાર ચગડોળે ચડ્યો:

**સૌ કોઈ ઈચ્છે છે કે જીવન સરસ અને સરળ હોય, જીવન સરસ છે મિત્રો, ઘણું સરસ છે, પણ એ સરળ ક્યારે ય નથી.**

"પ્રામાણિકતા...વિશ્વાસ...ઢોળ... હા, હા, હું નબળા મનનો જ છું. માટેજ મારાં કુટુંબીજનો ગરીબાઈમાં સબડે છે ને? હું એક સાડી લઈ જઈશ તો શું ખોટું થઈ જવાનું છે? શેઠને કંઈ દેવાળું નથી નીકળી જવાનું. એમને તો કાનખજુરાનો એક પગ રહ્યો તો ય શું ને ગયો તો ય શું?

"સાચી વાત છે. હું નબળા મનનો જ છું. પ્રામાણિક રહેવાથી પણ શેઠ મને શો સરપાવ આપી દેવાના છે? જગતમાં તો આમ જ ચાલે! વ્યવહારની કસોટીમાંથી પાર ન ઉતરે એવા પોકળ આદર્શોને જીવનમાં સ્થાન ન હોય. ના, ના, હું હવે નબળા મનનો નહીં રહું. હું સાડી લઈ જ જઈશ."

પવનની એક લહર દુકાનમાં પ્રવેશી. સામે તારીખિયાનાં પાનાંઓ ફરફર કરતાં ઊડવા લાગ્યાં. જાણે ભાવિ દિવસો તેના પર હસતા હતા!

સુખલાલે ફરીથી પેલું બનારસી સાડીનું ખોખું ઉતાર્યું. ઉપરની યુવતીની છબી જોઈ તે ફરી પોતાની પત્નીના તરંગે ચડી ગયો. ખોખું ખોલ્યું. 'ટ્યૂબ લાઈટ'ના પ્રકાશમાં પેલી સાડી ઓર ઝળહળી રહી. માથા સ્થિત-પ્રજ્ઞને ચળાવવા મથે તેમ તે સુખલાલના મનને ડગાવવા મથી રહી. તે ડગ્યો. તેણે પેલું ખોખું પોતાની થેલીમાં સરકાવ્યું.

દુકાનમાં તેણે સર્વત્ર નજર ફેરવી. બધું જ વ્યવસ્થિત હતું. હવે માત્ર આજનો વકરો ગણવાનું કામ બાકી હતું. તેણે ગલ્લો ખોલ્યો. આજની આવક તેણે ગણીને કોથળીમાં ભરી દીધી. કેટલા બધા રૂપિયા હતા!!

સો?

ના.

બસો?

ના.

પાંચસો?

ના.

એક હજાર?

ના. તેથી પણ વધારે...

સુખલાલને વિચાર આવ્યો: "મારા હાથમાં શેઠ આટલી મોટી રકમ સોંપે છે તે વિશ્વાસને લઈને જ ને? હજારોની રકમ મારી પ્રામાણિકતા અને

વિશ્વાસ પર છોડનાર શેઠની સાથે હું કેમ છળ કરી શકું ? એક સાડી માટે મારા મનને...'

એની એ વિચારધારાને તોડવા ફરી પેલો અવાજ આવ્યો: "છટ્, નબળા મનના ! એવી વેવલી પ્રામાણિકતાથી શો ફાયદો ? તું થોડી પ્રામાણિકતા છોડીશ તો તારી પત્ની કેટલી ખુશ થઈ જશે ? તે સાડી પહેરશે અને નિરાંતે છેલ્લી ઇચ્છા પૂર્ણ કરશે ત્યારે તેના અંતરની લાખ લાખ શુભેચ્છાઓ બારે મેઘ થઇને તારા પર વરસશે."

"હા. વાત તો સાચી છે.", પવનના તોફાનમાં સ્થિર રહેવા મથતો છોડ જેમ ડગે તેમ તે ડગ્યો.

થેલીમાંથી અર્ધું ખેંચાયેલું સાડીનું 'બોક્સ' ફરી પાછું અંદર સર્યું—માયાના વિષચક્રમાંથી બહાર આવવા હવાતિયાં મારતો જાણે કોઇ સાધક ફરી પાછો અંદર ખેંચાયો.

દુકાન બંધ કરવાની બધી તૈયારી થઇ ગઇ. સુખલાલે ઝોળી અને 'ખંભાતી' તાળું હાથમાં લઇ લીધાં

> શાણા માણસો વાત કરે છે, કારણ કે એમને કંઈક કહેવાનું હોય છે. મૂરખાઓ વાત કરે છે, કારણ કે એમને કંઈક કહેવું ગમે છે.

'ટ્યૂબ લાઇટ' બંધ કરવા તેણે વીજળીનું બટન દબાવ્યું. અંધારું પ્રકાશને ગળી ગયું. પણ ત્યાં તો તેનો હાથ અડતાં બાજુમાંથી એક તકતો નીચે પડ્યો. સુખલાલે તે તકતો ઊંચકી લેવા ફરી વીજળીનું બટન દાબી 'ટ્યૂબ-લાઇટ' કરી. નીચા વળી તેણે તે તકતો ઊઠાવ્યો. તેમાં એક સુવિચાર હતો:

'જે એક પગથિયું ચૂક્યો તે હમેશાં છેક તળીયે જ પહોંચે છે.'

સુખલાલને થયું કે આવાં વાક્યો દીવાલની શોભા છે કે દિલની ?

'ના, ના. આ સાડી નહીં જ લઇ જવાય. અત્યાર સુધી કોઇ દિવસ હાથ બગાડ્યો નથી ને આજે આ ?" તેણે પેલું ખોખું થેલીમાંથી બહાર ખેંચી

કાઢ્યું. જ્યાંથી લીધું હતું ત્યાં તે ગોઠવી દીધું.

"નબળા મનનો! નબળા મનનો...!" એવા પેલા શબ્દો તેને કાને અથડાય તે પહેલાં તો તે 'લાઇટ' બંધ કરી દુકાનની બહાર નીકળી ગયો હતો. અને તાળું વાસતાં વાસતાં તો તે જાણે સામેથી જ કહી રહ્યો હતો:

"હા, હા. હું નબળા મનનો જ છું! એક સાડી માટે મેં જ જીવ બગાડ્યો હતો ને!"

દુકાનને તાળું દેવાઇ ગયું. ચકાસી જોવા તેણે ત્રણ વાર ખેંચી પણ જોયું તાળું બરાબર દેવાઇ ગયું હતું. જાણે એના નબળા મનને પણ એણે તાળું દઇ દીધું! અને જેમ કસાઇવાડેથી છૂટેલી ગાય જેમ ઝડપભેર ભાગે તેમ આ નબળા મનના હલ્લામાંથી બચવા સુખલાલ ત્વરિત ડગલાં ભરી રહ્યો.

★


શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા તરફથી પ્રગટ થઇ ચૂક્યાં છે

**પ્રેરણા ભર્યા પ્રાણવાન પ્રકાશનો :—**

* **ભજનપદ ભાવાર્થ સંગ્રહ** * શિષ્યોપનિષદ
* **રત્નદીપ યાને ગુરુબોધ** * જૈન પ્રોફેટ (અંગ્રેજી)

અને હવે ટુંક સમયમાંજ પ્રગટ થાય છે.

# જૈનોપનિષદ્

લેખક : **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી**

**કિંમત એક રૂપિયો.**

—: લખો યા મળો :—

ભગવાન શાહ
૧૭૦/૭૨ ગુલાલવાડી,
મુંબઇ-૪

શ્રી ચીમનલાલ જેચંદભાઇ
શેઠ મનસુખભાઇની પોળ,
કાળુપુર, અમદાવાદ.

# એક સવાલ

# એક જવાબ

આચાર્ય રજનીશજી

મનુષ્ય જન્મ જન્માંતરથી બંધાએલો છે તો હવે અમે શું કરી શકીએ ?

—: જવાબ :—

મનુષ્ય ભૂતકાળના કર્મોથી પૂરો બંધાયેલો નથી.

મનુષ્ય નથી પૂરો બંધાયેલો તેમજ નથી પૂર્ણ મુક્ત.

અલીએ કહ્યું–એક પગ ઉઠાવો.

ઉઠાવ્યો. બીજો પગ ઉઠાવવા કહ્યું:

પણ બીજો કેવી રીતે ઉઠાવી શકાય ?

ભૂતકાળના કર્મોથી આપનો એક હિસ્સો બંધાયેલો છે પણ બીજો મુકત છે.

એક માણસે વીસ વીસ વર્ષ ગુસ્સો કર્યો અને તે સંસ્કાર આજે પણ તેને ગુસ્સો કરવા પ્રેરે છે. પણ આવેલા ગુસ્સાને વશ કરવાની તેનામાં શક્તિથી જંજીર તોડી શકાય છે; પ્રયાસ જોઈએ.

કર્મબંધન છે પણ તેનાથી મુક્ત થઈ શકાય છે.

ભૂતકાળે બાંધ્યા છે. ભવિષ્ય માટે તમે મુક્ત છો.

જ્યાં બંને બંધાય તે નર્ક.

જ્યાં બંને પણ છુટી જાય તે મુક્તિ.

[ જૈન જગતના સૌજન્યથી ]

★

# લાખોપતિ

# ભિખારી

⊙———ભિખારી અને લાખોપતિ ?'
તમે નહિ માનો
પણ આ એક
હકિકત છે.
તો વાંચો

## લાખોપતિ ભિખારી——આ લેખ—

ચોંકતા નહિ—લંડનમાં બ્રિટનની રાણી તો રહે જ છે, પણ ત્યાં એક રાજા પણ રહે છે. એ છે ભિખારીઓનો રાજા. ઇ. સ. ૧૯૩૫ ના સોંઘવારીના દિવસોમાં પણ એની વાર્ષિક આવક એક હજાર પૌંડ, એટલે કે ૧૩,૩૭૫ રૂપિયા હતી. પોતાનો ભીખ માગવાનો વ્યવસાય એણે એવો ફેલાવી દીધો કે આપણે તો કલ્પના પણ કરી શકીએ નહિ. ફક્ત લંડનમાં જ એની કેટલીયે ઓફીસ છે અને કેટલાય પ્રાઇવેટ સેક્રેટરી ! રોજ સવારે ૮–૩૦ વાગે તે શહેરમાં પહોંચી જાય છે અને પોતાના વ્યવસાયની દેખરેખ રાખે છે, દિવસના કેટલાય પત્રો તે લોકો ઉપર એવી કરૂણાભરી ભાષામાં લખે છે કે એનાં નિશાન ભાગ્યેજ વાર ખાલી જાય છે. ઘણા પ્રયત્નો બાદ લંડનની છૂપી પોલીસે એના સંબંધમાં આટલી જ માહિતી મેળવી છે. એનું ભીખ માગવાનું કામ એટલું વ્યવસ્થિત રીતે થાય છે કે પોલીસ પણ કાંઇ કરી શકતી નથી.

આ તો ફક્ત એક જ ભિખારીની વાત છે, પરંતુ લંડનમાં તો આવા એક નહિ સેંકડો ભિખારી છે, જેની વાત સાંભળીને આપણને આશ્ચર્ય થાય એક લંગડા ભિખારીની વાર્ષિક આવક ૬૦૦ પૌંડ એટલે કે ૮,૦૨૫) રૂપિયા છે. આખો દિવસ ભીખ માગીને તે જ્યારે ઘેર જાય છે ત્યારે ટેકસીમાં બેસીને જાય છે. એક ભિખારી પાસે સાંજે એટલા બધા સિક્કા ભેગા થાય છે કે એને નોટના રૂપમાં ફેરવવા પડે છે. આ જ રીતે એક સ્ત્રી રોજ સવારે ફાટેલાં કપડાં પહેરી, ખોળામાં

એક બાળક લઇને બહાર નીકળે છે. અને લોકોને કહે છે. "મારે ઘેર ૬ બીમાર બાળકો છે. મારા પતિ ક્ષય-રોગને લીધે મરી ગયા છે અને હવે અમને પેટ પૂરતું ખાવાનું પણ મળતું નથી" સાંજે જ્યારે તે ઘેર આવે છે, ત્યારે એનાં બધાં ખિસ્સાં સિક્કા તેમ જ નોટોથી ભરાયેલાં હોય છે.

હવે એક બીજી વ્યક્તિની વાત સાંભળો. એ જ્યારે ભીખ માગવા નીકળે છે, ત્યારે ગળામાં એક તખ્તી લટકાવે છે. તે તખ્તીમાં લખ્યું હોય છે-'મને કંઇ જ કામ મળતું નથી. ઘરમાં મારી પત્ની અને ત્રણ બાળકો ભૂખે મરે છે.' વાસ્તવમાં એને પત્ની પણ નથી અને બાળકો પણ નથી !

આ પ્રપંચી ભિખારી પાસે તેની પોતાની મોટર છે. એ ઘરેથી મોટરમાં નીકળે છે, થોડે દૂર જઇને એક ગેરેજમાં પોતાની મોટર મૂકે છે. આખો દિવસ ભિખારીનો ધંધો કરીને સાંજે મોટરમાં બેસીને ઘેર જાય છે.


## બોડેલી તીર્થ

બોડેલી આસપાસ પરમાર ક્ષત્રિય ભાઈ-બહેનો બાવન (૫૨) ગામમાં આશરે ૧૦૦૦૦ (દસ હજાર માણસો જૈનધર્મ (અહિંસા ધર્મ) પાળતા થયા છે તેમને જૈન ધર્મનું શિક્ષણ સુસંસ્કાર આચાર વિચાર વગેરેમાં સ્થિર કરવા પંદર ગામોમાં પાઠશાળા ચાલે છે બીજી ૨૦, પાઠશાળાની જરૂર છે. બોડેલીમાં આશ્રમ ચાલે છે જેમાં વિદ્યાર્થીઓને ખાવા, પીવા, તથા ભણવાની સગવડતા અપાય છે.

આજુબાજુના પાંચ ગામોમાં ઉપાશ્રય તથા દેરાસરજી થયા છે (બીજા ત્રણ ગામોમાં થાય છે) તથા દેવદર્શન પૂજાસ્નાત્ર ભાવના વગેરે ભકિત થાય છે. આ સુસંસ્કાર આપતું ક્ષેત્ર જોવા તથા **બોડેલી પંચ તીર્થના** દર્શન કરવા જરૂર પધારો.

આ ધર્મ પ્રચાર અને ધર્મ પ્રભાવનાના કાર્યને આપના તન, મન, ધન સમર્પણ કરો અને એ ન બને તો છેવટે અમુક રકમ અવશ્ય મોકલી આપો.

લી. પરમાર ક્ષત્રીય જૈન ધર્મ પ્રચારક સભા

૪૫૭, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ, મુંબઈ—૪

| મદદ મોકલવાનું ઠેકાણું: | |
|---|---|
| **શેઠ વાડીલાલ રાઘવજી** | **જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ** |
| ૬૧ તાંબાકાંટા, મુંબઇ-૩ | **ઈશ્વરલાલ કસ્તુરચંદ સાળવી** |
| | **ચીમનલાલ મગનલાલ વાસણવાળા** |

**ધર્મશાળા, ભોજનશાળા, આયંબીલ શાળાની સગવડતા છે.**

એક સાર્વજનિક સ્કૂલના જૂના વિદ્યાર્થીએ છૂપી પોલીસને ભિખારીની એક ખૂબ જ રોચક વાત કહી હતી. "એક દિવસ સાંજે હું ફરવા ગયો ત્યારે મને મારા સહાધ્યાયીને જોઇને ખૂબ આશ્ચર્ય થયું. એની સાથે એક સ્ત્રી હતી, જેની આંખમાંથી સતત આંસુની ધારા વહેતી હતી. એણે મને જોયો કે તરત જ મને ઘેર આવવા માટે નિમંત્રણ આપ્યું. પહેલાં અમે એક ગંદા ઓરડામાં ગયાં ત્યાં એ બંને જણાએ કપડાં બદલ્યાં અને પછી અમે ટેક્સી કરીને ઘેર ગયા. એ જ એનું સાચું ઘર હતું. એણે આખો ફ્લેટ ખરીદ્યો હતો. ફ્લેટ નવીન ઢબથી સજાવેલો હતો. વાતવાતમાં એણે મને નિર્લજ્જતાપૂર્વક કહ્યું, 'ભાઇ, આ બધું મારી પત્નીનાં આંસુને આભારી છે. આ આંસુ ઘણા અસરકારક છે. અને મારી પત્ની દેખાવ તો એટલો સુંદર કરે છે કે, જે એની પાસેથી પસાર થાય એ એને કંઇક આપે જ છે. આ ભીખમાંથી જ અમે આ ફ્લેટ ખરીદ્યો છે અને આરામથી જિંદગી ગુજારીએ છીએ.'

આ ભિખારીઓનાં પણ કેટલાં ય


**JAYANT**

A leading name in Packaging

One of the largest Manufacturers of Double wall heavy Duty Corrugated Shipping Containers for Export, Corrugated Paper Rolls, Boards and Other Packaging Requisites

Contact

**JAYANT PAPER BOX FACTORY**

30, Western India House,
Sir p. M. Road, Fort, **BOMBAY - 1.** ( B. R. )

—: Phones :—

| 253145 : 252478 | 55237 - 8 | 571196 |
|---|---|---|
| Office | Kurla Factory. | Andheri Factory. |

મંડળો છે. એમના આગેવાનો પહેલાં એમને ભીખ માગવાની કળામાં પારંગત કરે છે, નાનાં નાનાં મંડળો ઊભા કરે છે અને બદલામાં ભિખારીઓની દૈનિક કમાણીમાથી થોડો ભાગ લે છે. ફક્ત બ્રિટનમાં જ આવાં અસંખ્ય મંડળો છે. આ લોકો નાની નાની ટુકડીમાં કરુણ ગીતો ગાતાંગાતાં ગરીબોના લત્તામાં જાય છે અને ધર્મના નામે ભીખ માગે છે. સ્કોટ• લેંડયાર્ડના કથન મુજબ ફક્ત હાલબોર્ન અને ઇસ્લિંગ્ટન નામના બે જિલ્લામાં જ, આવી ટુકડીઓની દૈનિક આવક ૧૫ પૌંડ એટલે લગભગ ૨૦૦) રૂપિયા સુધી પહોંચે છે.

આ બધા ઉપરાંત લંડનમાં ભીખ માગવાની એક બીજી રીત પણ છે. જ્યારે બધા ઘરના પુરુષો ઓફિસે જાય, ત્યારે ભિખારીઓ તેમને ઘેર જઇને દરવાજાની ઘંટડી વગાડે છે. ઘરમાં સ્ત્રીને એમ થાય કે કોઈ અતિથિ આવ્યા! જ્યારે એ બહાર નીકળે છે ત્યારે ભિખારીઓ જોડી કાઢેલી દુ:ખભરી વાતો કરીને ભોળી સ્ત્રીને પોતાની જાળમાં ફસાવે છે.

આ તો બ્રિટનની વાતો છે, પરંતુ ભારતનાં ભિખારીઓ પણ કાંઈ કમ નથી. જાણકારોનું અનુમાન છે ભારતમાં લગભગ ૧૪ લાખ ભિખારીઓ છે. એમાંના અડધા ઉપરાંત ભિખારીઓ, શરીરે હૃષ્ટપુષ્ટ હોવા છતાં ભીખ માગે છે. અને અપંગની તો વાત જ શી કરવી? આંધળા, લૂલા, લંઘડા, કોઢી બધા પોતાની અશક્તિના નામ પર દયાના ગાણાં ગાય છે.

અપંગોનું તુલનાત્મક અધ્યયન પણ આશ્ચર્યજનક છે. અમેરિકામાં ૧,૧૪૦૦૦) આંધળા છે, તો ભારતમાં ૬,૦૧,૩૭૦ આંધળા છે. એનો અર્થ એમ થાય કે એક લાખે ૧૭૨ આંધળા! આ ઉપરાંત કોઢી તેમ જ ગાંડાઓની સંખ્યા પણ સાધારણ નથી. ભારતમાં એક લાખે ૧૭૨ કોઢી અને ૩૪ ગાંડાં છે. એટલે કે ૨,૪૭,૯૧૧ કોઢી અને ૯૮,૪૪૯ ગાંડાં એમને માટે કોઇ જ વ્યવસ્થા ન હોવાથી એમના બિચારાનો ભાગ્યમાં ભીખ માગવાનું જ લખ્યું છે.

ઇ. સ. ૧૯૩૧ મા ભારત સરકારે ભિખારીઓની ગણત્રી કરાવી હતી. તે મુજબ મુંબઇમાં ૫૦૨૫, કલકત્તામાં

૩૨૬૬ અને લખનૌમાં લગભગ ૨૦૦૦ જેટલા ભિખારીઓ હતા. ત્યારથી આજ સુધીમાં શહેરોની જે વસતિ વધી છે તેને આધારે ભિખારીઓની સંખ્યાનું અનુમાન કરી શકાય છે.

આ અપંગ ભિખારીઓ ઉપરાંત ભારતમાં હૃષ્ટપુષ્ટ ભિખારીઓની સંખ્યા પણ ઓછી નથી. જેમણે કુંભમેળા-માંથી પાછા ફરતા સાધુઓને જોયા હશે, એમને ખ્યાલ હશે કે હાથીઘોડા સાથે જેમ રાજાની સવારી આવે તેમ સાધુઓની જમાત પાછી ફરે છે. આખો રસ્તો ભીખ માગીને જ એ મોટી જમાતનું ભરણપોષણ કરવામાં આવે છે. એટલું જ નહિ, એક ભિખારી તો રોજ ઘોડા ઉપર બેસીને નીકળતો અને આશીર્વાદ આપવાને બદલે–'વીણી વીણીને ગાળ આપીશ, ગણી ગણીને ગાળ આપીશ.' એમ બોલતો, અને તોયે એને રોજ ૧૦ રૂા. ની કમાણી થતી. માસિક ૩૦૦ રૂપિયા. એક ડેપ્યુટી કલેકટરનો પગાર!

આ ભિખારીઓને જોઇને કોઇને કલ્પના પણ ન આવે કે એ લોકો પાસે આટલી બધી સંપત્તિ હશે. કાશીમાં અન્નપૂર્ણાના મંદિરના દ્વાર પાસે ભીખ માગવાવાળી એક ડોશી મરી ગઇ, ત્યારે એના ગાદલામાંથી સોનાની મહોરો સીવેલી મળી. આ જાણ્યા પછી એમ લાગે છે કે, બધા ધંધાઓમાં આ ધંધો ઉત્તમ છે. રોકાણ પાઇનું યે નહિ ને નફો સવાલાખનો!

★

'બુદ્ધિપ્રભા' ને લગતા તમામ કામ માટે
આ સરનામે મળો—

'બુદ્ધિપ્રભા'

C/o ભગવાન શાહ

૧૭૦/૭૨, ગુલાલવાડી, ૧ લે માળે,

મુંબઇ ૪.

# રામનામ............મહાત્મા ગાંધીજી

જરાયે સંકોચ વિના હું આ સ્થળેથી જાહેર કરવા માંગું છું કે માનવજાતના લાખો માણસો સાથે મળીને બરાબર તાનમાં રામધૂન જગાવે છે ત્યારે લશ્કરી તાકાતના કરતાં જુદા પ્રકારની પણ અનંતગણી ચડિયાતી શકિત પ્રગટ થાય છે. અને બીજું, હૃદયના ઊંડાણમાંથી ઊઠતી ઇશ્વરના નામની આ ધૂન આજે જે ખાનાખરાબી ને વિનાશ જોવાનાં મળે છે તેને ઠેકાણે કાયમની શાન્તિ અને સુખ નિર્માણ કરશે.

મારા રામનામને જંતરમંતર સાથે કશો સંબંધ નથી. મેં કહ્યું છે કે, કોઇ પણ રૂપમાં હૃદયથી ઇશ્વરનું નામ લેવું, એ એક મહાન શક્તિનો આધાર લેવા બરાબર છે. એ શક્તિ જે કરી શકે છે, તે બીજી કોઈ શક્તિ નથી કરી શકતી. એની સરખામણીમાં અણુબોમ્બ પણ કશી વિસાતમાં નથી. એનાથી બધું દર્દ દૂર થાય છે. હા, એટલું ખરૂં કે, હૃદયથી નામ લેવાની વાતો કરવી સહેલી છે, કરવું કઠણ છે. પણ ગમે તેટલું કઠણ હોય તોયે સર્વોપરી વસ્તુ એ જ છે.

અફસોસ ! આજે હિંદમાં રામરાજ્ય નથી, તો પછી આપણે દિવાળીની ઉજવણી કઇ રીતે કરી શકીએ ? રામના વિજયની ઉજવણી તેણે જ કરવાની હોય જેના દિલમાં રામ વસેલા હોય, કેમકે માણસોના દિલને અથવા આત્માને અજવાળવાને એક ઇશ્વર જ સમર્થ છે અને એ અજવાળાની જ કિંમત છે. આજે પ્રાર્થનામાં ગવાયેલા ભજનમાં કવિ ઇશ્વરના દર્શનની વાત પર ભાર મૂકે છે. ટોળેટોળાં માણસોએ જલાવેલા દીવાની રોશની જોવાને જાય છે પરંતુ આજે આપણને માણસના દિલમાં પ્રેમનું અજવાળું પ્રગટાવવાની જરૂર છે. એવું અજવાળું તમે સૌ તમારા દિલમાં પ્રગટાવો તોજ આજના દિવસે મુબારકબાદી મેળવવાને લાયક બનો. આજની ઘડીએ હજારો બલકે લાખો લોકો કારમી આફતમાં ઘેરાયાં છે. તો શું તમારામાંથી એક

એક જણ હૃદય પર હાથ મૂકીને કહી શકશે કે એ આફતમાં સપડાયેલાઓમાં હિંદુ છે કે શીખ છે કે મુસલમાન છે એ વાતની જરાયે પંચાત ન કરતાં અમે તે બધાંને અમારાં ભાઈબહેન માનીએ છીએ? આ તમારે સૌને માટેની કસોટી છે. રામ અને રાવણ દૈવી અને આસુરી સંપત્તિ વચ્ચે માણસોના દિલમાં ચાલતા આવેલા સનાતન દ્વંદ્વયુદ્ધના પ્રતીક છે અને તેથી અજવાળું એ દિલમાંથી પ્રગટ થવું જોઈએ.

મારો રામ—જે રામની આપણે સૌ પ્રાર્થના કરીએ છીએ તે રામ, અયોધ્યાના રાજા દશરથનો પુત્ર નથી કે ઇતિહાસમાં થઈ ગયેલો રાજા રામચંદ્ર નથી. મારો રામ તો સનાતન છે, તે કદી જન્મ લેતો નથી, અને તેના જેવો બીજો કોઈ નથી. હું એક તેને જ ભજું છું. અને તેની જ સહાય માગું છું. તમે પણ તેમ જ કરો. તે સૌનો છે. તેના પર સૌનો સરખો હક છે. તેથી, તેનું નામ લેવામાં મુસલમાને કે કોઈએ શા સારૂ વાંધો ઉઠાવવો જોઈએ તે મારી સમજમાં આવતું નથી. પરંતુ બેશક, મુસલમાને કે બીજા કોઈએ માત્ર રામ નામથી જ ઇશ્વરને ઓળખવો એવી જબરજસ્તી ન હોય. જેને જે રૂચે તે નામ લે. અલ્લાનું નામ લે કે ખુદાનું નામ લે. પણ ધૂનના સંગીતને કોઈ ન બગાડે. રામનું નામ લેવું ને રાવણનું કામ કરવું, એ ખરાબમાં ખરાબ વસ્તુ છે. આપણે આપણી જાતને છેતરી શકીએ, જગતને છેતરી શકીએ પણ રામને છેતરી નહીં શકીએ.

રામનામનું અમૃત આત્માને આનંદ આપનારૂં અને દેહના રોગોને હરનારૂં છે.



## ભાષણખોરોને

## મુબારક

સોક્રેટીસ એક મહાન તત્ત્વવેત્તા હતો. અને તે જમાનામાં તે અજોડ વક્તા હતો.

એકવાર એક જુવાન તેની પાસે ભાષણની કળા શીખવા આવ્યો.

એ જુવાને આવી તુરત જ પોતાની ઓળખ આપવા માંડી. પોતાના શિક્ષણ, વાચન, કુટુંબ તેમ જ મહત્ત્વકાંક્ષા અંગે લગભગ બે કલાક બોલે રાખ્યું,

સોક્રેટીસે આ બધું શાંત ચિત્તે સાંભળ્યું. છેવટે જુવાને પૂછ્યું.

"મને ભાષણ શીખવાડવા માટે તમે શું ફી લેશો?

"તારી પાસેથી હું બેવડી-ડબલ ફી લઈશ." સોક્રેટીસે ઠંડે કલેજે કીધું.

"કેમ? બધા પાસે આપ જે ફી લો છો તેનાથી બમણી ફી શા માટે મારી પાસે માંગો છો?

મને તો એવું જાણવા મળ્યું છે કે આપને પૈસાની પડી જ નથી. અને અહીં તો હું ઉલ્ટું જ જોઉં છું."

સોક્રેટીસે હસતાં હસતાં ધીમે ધીમે અને દરેક શબ્દ ઉપર વજન મૂકીને તે જુવાનને જવાબ આપ્યો:

"એટલા માટે કે યુવાન! મારે તને બેવડી-ડબલ વસ્તુ શીખવવી પડશે.

એક તો મૌન ધારણ કરવાની.

બીજી મુદ્દાસર પ્રવચન કરવાની."

યુવાન આ સાંભળીને ઠંડો જ થઈ ગયો.

★

જેઓએ આત્માની શક્તિયોનો અનુભવ કર્યો છે તેવા જૈનો પુરુષાર્થ પરાયણ હોય છે.

પુરુષાર્થમાં તત્પર એવા જૈનો બીજા લોકોની સ્પર્ધામાં ટકી શકે છે. પુરુષાર્થ કરવાથી સ્વર્ગ અને મુક્તિની પ્રાપ્તિ થાય છે. જેનામાં પુરુષાર્થ નથી તે દુનિયામાં એક ગરીબ પશુ કરતાં પણ વિશેષ દયા પાત્ર છે. માટે હે જૈન બંધુઓ પુરુષાર્થને ફોરવીને તમે તમારી પૂર્વ કાળની જાહોજલાલીને પાછી મેળવો.

જેઓ મોજમજામાં, વિષય ભોગોમાં આસક્ત થાય છે તેઓ આત્મશક્તિ મેળવવા માટે તેમ જ આસુરી શક્તિયો સામે યુદ્ધ કરવા માટે પુરુષાર્થ ફોરવી શક્તા નથી.

જે દેશમાં, જે કોમ મોજીલી થાય છે તે પતિત થાય છે એમ અનેક ઇતિહાસોથી સિદ્ધ થાય છે માટે કામાશક્તિ વગેરે પશુ વૃત્તિયોનો ત્યાગ કરીને જૈન કોમે આત્માનો વિશ્વાસ ધારણ કરીને પુરુષાર્થ કરવો જોઇએ.

જૈનાગમોનો પુરુષાર્થ બળે સર્વત્ર પ્રચાર કરો. જૈનાગમો એ જ સ્વ ધન છે તેમ સમજીને તેના સત્યોનો વિશ્વભરમાં પ્રચાર કરો.

જિર્ણ મંદિરનો ઉદ્ધાર કરો કોઈની આગળ દીનતા ન બતાવો તમારો આત્મા તમને સર્વ પ્રકારની સહાય આપવા તૈયાર છે તમારે ફક્ત અંતઃકરણની લાગણી પૂર્વક પુરુષાર્થ કરવાની જરૂર છે.

પુરુષાર્થ કર્યા વિના કોઈ પણ ધર્મની આરાધના થઈ

# જૈનોપનિષદ્

શકતી નથી. પુરુષાર્થ વિના પુરુષમાં ગણાવવાની યોગ્યતા પણ પ્રાપ્ત થવાની નથી. પુરુષાર્થ જ તમારા આત્માનું જ્વલંત સ્વરૂપ છે માટે પુરુષાર્થ પ્રગટાવીને સર્વ આવશ્યક કર્મ પ્રવૃત્તિયોમાં નિર્ભયપણે પ્રવૃત થાઓ.

પાશ્ચાત્ય લોકો પુરુષાર્થ ફોરવીને આગળ વધ્યા છે તો આર્ય જૈનોએ પુરુષાર્થ ફોરવીને ધર્મ કર્મ તથા વ્યાવહારિક યોગ્ય કર્મો કરવામાં શા માટે પાછા પડવું જોઇએ ? અને કર્મમાં લખ્યું હશે એમ માની શા માટે બેસી રહેવું જોઇએ ?

જૈનોએ ભાવીભાવ અને કર્મના નામે, આળસને માન આપી આજસુધીમાં ઘણું ખોયું છે.

કુમારપાળ, હેમચંદ્ર, સંપ્રતિ રાજા, આર્યરક્ષિત, વસ્તુપાળ, તેજપાળ, શ્રી વીરપ્રભુ, હરિભદ્રસૂરિ વગેરેના પુરુષાર્થને યાદ કરો.

પુરુષાર્થ કરો અને જૈન કોમનો તેમજ જૈન ધર્મનો ઉદ્ધાર કરો.

પુરુષાર્થ કરો. કરોડો વિઘ્નો આવે તો પણ આદરેલા શુભ કાર્યોને પડતા ન મૂકો.

છેવટે તો તમારા આત્મા પરમાત્મ રૂપે તમને સહાય કરતો જણાશે જ.

આ લખેલી હિત શીક્ષા પર પૂર્ણ શ્રદ્ધા રાખો.

યુદ્ધનું બ્યૂગલ વાગતાં બાયલાને પણ શૂર ચઢે છે તો ક્ષાત્ર વંશમાંથી ઉતરીને આવેલી જૈન કોમને ઉપદેશ રૂપ બ્યૂગલ ફુંકાતા શૂરતા પ્રગટે એવી આશિષ છે.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# પુરુષાર્થ પરાયણાઃ

ભાન
ભુલેલા
રાહગીરની
એક
શાસ્ત્રીય કથા

★

# લાડુ અને લલના.

યુવાન મુનિ આષાડાભૂતિ ભિક્ષા અર્થે ફરતાં ફરતાં નટોના મહોલ્લામાં દાખલ થયા અને મહર્દ્ધિક નામના એક સુવિખ્યાત નટને ત્યાં 'ધર્મલાભ' કહીને ઊભા રહ્યા. આ નટને ભુવનસુંદરી અને જયસુંદરી નામની બે યુવાન પુત્રીઓ હતી, જે રૂપ અને કલાનો ભંડાર હતી. તે બંને પુત્રીઓ વસ્ત્રવિભૂષા કરીને તથા મનોહર અલંકાર ધારણ કરીને પોતાનું સૌંદર્ય અરીસામાં જોતી પાસેના ખંડમાં જ ઊભેલી હતી. તેમણે આ 'ધર્મલાભ' શબ્દ સાંભળ્યો એટલે પોતાના ખંડમાંથી બહાર આવી અને એક યુવાન તેજસ્વી સાધુને ભિક્ષા અર્થે ઊભેલા જોઈને સહસા નમી પડી પછી તેમણે ઘરમાંથી એક લાડુ લાવીને આ મુનિને વહોરાવ્યો અને મુનિ તે લઈને ઘરમાંથી બહાર નીકળ્યા.

હવે આ લાડુ અનેક પ્રકારનાં ઉત્તમ વસાણાંથી બનાવેલો હતો અને સુગંધથી મહેકી રહ્યો હતો. તે જોઈને મુનિ આષાડાભૂતિને વિચાર આવ્યો કે 'આ લાડુ અતિ સુંદર છે અને ભાગ્યેજ પ્રાપ્ત થાય એવો છે; પણ તે ગુરુને આપવો પડશે. તેથી મારા ભાગમાં નહિ આવે માટે એક બીજો લાડુ લઈ આવું; પરંતુ ત્યાં ફરીને કેમ જવાય? એટલે વિદ્યાના બળે રૂપ બદલીને ત્યાં જાઉં'...અને મુનિ આષાડાભૂતિ વિદ્યાના બળે જુદી જાતના યુવાન સાધુનું રૂપ ધારણ કરીને તે જ ઘરમાં ભિક્ષા માટે ફરી દાખલ થયા. ત્યારે પણ પેલી બે કન્યાઓએ તેમને નમસ્કાર કર્યા અને પેલા લાડુ પૈકીનો જ એક લાડુ વહોરાવ્યો.

આ લાડુ લઈને મુનિ આષાડાભૂતિ ઘરની બહાર આવ્યા કે પાછો તેમને વિચાર આવ્યો કે 'આ લાડુ તો ધર્માચાર્યને આપવો પડશે.' એટલે તેમણે એક વૃદ્ધ સાધુનું રૂપ ધારણ

કર્યું અને ત્રીજો લાડુ વહોરી લાવ્યા. છતાં યે તેમને સંતોષ ન થયો; કારણ કે લાડુ ઉપાધ્યાયના ભાગમાં જવાનો સંભવ હતો. આથી તેમણે એક કૂબડા સાધુનું રૂપ ધારણ કર્યું અને ચોથી વાર લાડુ લઈ આવ્યા. પરંતુ એ લાડુ પણ તેમના ભાગમાં આવે તેવો સંભવ જણાયો નહિ; કારણ કે સંઘાડાના બીજા સાધુઓને તેમાંથી ભાગ આપવો પડે તેમ હતું. આથી થોડે દૂર જઇને તેમણે એક કોઢિયા સાધુનું રૂપ ધારણ કર્યું અને પાંચમી વાર લાડુ મેળવ્યો. પરંતુ તે લાડુ પણ ગુરુભાઈના ભાગમાં જશે એમ લાગવાથી તેમણે એક વધુ વાર રૂપનું પરિવર્તન કર્યું અને એક બાળસાધુ બનીને છઠ્ઠીવાર લાડુ મેળવ્યો. પછી સંતુષ્ટ થઇને તેઓ ગુરુ પાસે ગયા એક ગોચરી રજૂ કરી.

અહીં મહર્દ્ધિક નટ ગોખમાં બેસીને મુનિ આષાડાભૂતિની સર્વ લીલા જોઈ રહ્યો હતો. એ જોઇને તેણે વિચાર્યું કે 'જો આવો રૂપપરિવર્તન કરનારો માણસ મારા કબજામાં આવી જાય તો મારો બેડો પાર થઈ જાય.' તેથી તેણે જે હકીકત બની હતી તે બધી પુત્રીઓને કહી સંભળાવી અને સૂચના આપી કે 'આમ તો એ સાધુ વિદ્યા-પ્રૌઢ અને ઘણો હોંશિયાર જણાય છે, પણ જીભનો કાંઇક લાલચુ જણાય છે. તેથી ફરીને આપણા ઘેર ભિક્ષા લેવાને આવશે. તે વખતે એની ખાતરબરદાસ બરાબર કરજો અને તે કોઇ પણ રીતે આપણો બને તેવો ઉપાય અજમાવજો.' પુત્રીઓએ તે વાતનો સ્વીકાર કર્યો.

લાડુના અસાધારણ સ્વાદ પર મુગ્ધ બનેલા મુનિ આષાડાભૂતિ બીજા દિવસે પણ તે જ મહોલ્લામાં દાખલ થયા અને તે જ ઘરે 'ધર્મલાભ' કહીને ભિક્ષા લેવા માટે ઊભા રહ્યા કે જે ગોચરીના નિયમથી તદ્દન વિરુદ્ધ હતુ. પરંતુ રસનાને આધીન થયેલા મુનિ આષાડાભૂતિ એ વાત છેક જ ભૂલી ગયા કે જાણીબૂઝીને તેણે તેના તરફ આંખમીંચામણાં કર્યાં.

ભુવનસુંદરી અને જયસુંદરીએ આજે અપૂર્વ શૃંગાર સજ્યો હતો અને તેમના હાવભાવમાં પણ અનુપમ છટા આવી હતી. તેમણે મુનિ આષાડા-ભૂતિને અતિમાનપૂર્વક ભિક્ષા આપી અને જણાવ્યું કે 'હે મુનિરાજ! આપના પ્રતાપે અમારા ઘરમાં રિદ્ધિ-સિદ્ધિનો પાર નથી, માટે જરૂર આવતી કાલે પણ પધારજો.' ત્રીજા દિવસે પણ મુનિ આષાડાભૂતિ ગોચરી માટે તે જ ઘરમાં ગયા અને અનેક મસાલાથી મઘમઘતો દૂધપાક વહોરી લાવ્યા.

ચોથો, પાંચમો, છઠ્ઠો અને સાતમો દિવસ પણ એ જ રીતે પસાર થયો અને આઠમો દિવસ આવી પહોંચ્યો. એટલે નિયમ મુજબ અષાડાભૂતિ ભિક્ષા લેવાને પધાર્યા. તે વખતે ભવન-

સુંદરીએ કહ્યું કે ' હે મુનિવર્ય ! તમારાં મધુર દર્શનથી અમારા હૃદયકમળમાં કોઇ અનેરો જ આનંદ જાગે છે અને એમ જ થાય છે કે જાણે બધો વખત તમારાં દર્શન કર્યાં કરીએ.' અને તેણે એક અવનવો કટાક્ષ કરતાં સસ્મિત-વદને મુનિના સામે જોયું.

મુનિ કાંઈ બોલ્યા નહિ, પરંતુ તેમના હૃદયમાં ભારે મંથન થવા લાગ્યું. આજ સુધી તેમણે જે વૃત્તિ-ઓને વૈરાગ્ય અને તપના બળથી દબાવી હતી, તે એકાએક સળવળવા લાગી અને છેલ્લા સાત દિવસના માદક આહારે તેને પ્રબળ ટેકો આપ્યો.

મુનિના મનમાં ચાલી રહેલું આ અજબ મંથન પેલી ચતુર નટપુત્રીઓ પામી ગઈ. આથી જયસુંદરી બોલી કે ' હે મુનિરાજ ! અમે તમને મનથી વરી ચૂકેલી છીએ, માટે આ વેશ છોડી દો અને અમારી સાથે રહીને મનગમતું સુખ ભોગવો.

આ શબ્દોએ મુનિ અષાડાભૂતિના વિહ્વલ મનને છેક જ વિહ્વલ બનાવી દીધું અને તેઓ સંસારસુખ ભોગવ-વાને તત્પર બન્યા. પણ આવું પગલું


## મુંઝાવાની જરૂર નથી

**તમારી દરેક મનોકામના અમે પૂર્ણ કરી આપીએ છીએ**

આ બધું અમે

જ્યોતિષ, પ્રશ્ન, હસ્તરેખા, મુહૂર્ત આડી-અંતરી વગેરે અધ્યાત્મિક શકિતથી કરીએ છીએ.

—: મળો યા લખો :—

**'નવશકિત' મનમોહન શર્મા**

C/o મેઘરાજ જૈન પુસ્તક ભંડાર,
ગોડીજી ચાલ, ગુલાલવાડી, મુંબઈ નં. ૨

ટે. નં. C/o ૩૩૩૨૧૩ સમય : બપોરના બે થી સાત

ઘરનું સરનામું:—ઘરે સવારના ૮ થી ૧૨

**' નવશકિત ' મનમોહન શર્મા**

૧૪, એકનવાળા મેન્શન,
પરસોતમ ખેરાજ રોડ, પાંચ રસ્તા, મુલુંડ મુંબઈ ૮૦

ગુરુને જણાવ્યા વગર ન ભરવું જોઇએ એમ વિચારીને બોલ્યા કે: 'પહેલાં મને મારા ગુરુની રજા લેવા દો; પછી હું અહીં આવીને તમારી સાથે રહીશ.'

આ સાંભળીને ભવનસુંદરીએ કહ્યું કે 'જો એમ જ કરવું હોય તો વચન આપીને જાઓ. એટલે મુનિ અષાડાભૂતિએ સાંજ પહેલાં આવી જવાનું વચન આપ્યું. પછી તેમણે ગુરુ પાસે જઇને કહ્યું કે 'હે ગુરુજી ! મેં નાની ઉંમરમાં જ દીક્ષા લીધી છે અને સાંસારિક સુખ ભોગવ્યું નથી. હાલ મને અપ્સરા જેવી નટની બે પુત્રીઓ અંતરથી ચાહે છે અને મારું મન પણ તેમની પાસે જ છે, તો આ ઓઘો ને મુહપત્તિ લઇ લો અને મને જવાની રજા આપો.'

મુનિ અષાડાભૂતિનાં આવાં વચનો સાંભળીને પ્રથમ તો ગુરુએ વજ્રઘાત અનુભવ્યો પરંતુ કર્મની ગહન લીલાનો વિચાર કરીને મનને સ્વસ્થ બનાવ્યું અને અષાડાભૂતિ ગમે તેટલો પતિત થયો છે છતાં મારી રજા લેવા આવ્યો છે, માટે તેનામાં હજી વિનયગુણ ટકી રહ્યો છે. એમ વિચારી બોલ્યા કે: 'અષાડાભૂતિ ! વ્રત આરાધનના ફળથી દેવલોકની અવર્ણનીય સાહ્યબી મળે છે, તે મૂકી તું નટપુત્રીઓમાં મોહિત થયો છે તે ખરેખર ઘણું જ શોચનીય છે, તો પણ તું દારૂ-માંસને કદી અડકીશ નહિ કે તેને વાપરનારનો સંગ કરીશ નહિ. મારું આટલું વચન તું જરૂર અંગીકાર કર.' એટલે અષાડાભૂતિએ હાથ જોડીને તે પ્રમાણે પ્રતિજ્ઞા કરી.

અષાડાભૂતિ સાધુ મટીને સંસારી બન્યા. તેમની વર્ષોની સાધના પાણીમાં ગઇ. એક જીભલડીને વશ નહિ રાખવાનું એ ફલ હતું; ગોચરીના સિદ્ધ નિયમોને નહિ અનુસરવાનું એ ભયંકર પરિણામ હતું.

અષાડાભૂતિએ નટપુત્રીઓને પોતાની પ્રતિજ્ઞાથી વાકેફ કરી અને જણાવ્યું કે 'જો તમે દારૂ અને માંસ ન વાપરવાની પ્રતિજ્ઞા કરો તો હું તમારી સાથે રહી શકીશ.' આથી તે બંને નટપુત્રીઓએ તે જાતની પ્રતિજ્ઞા કરી અને તેમની સાથે સાંસારિક સુખો ભોગવવા લાગી.

અષાડાભૂતિ થોડા વખતમાં જ નટવિદ્યામાં પારંગત થયા અને ઘણું ધન કમાવા લાગ્યા. એ રીતે સંસારસુખ ભોગવતાં તેમને બાર વર્ષ વીતી ગયાં, ત્યારે એક પરદેશી નટ જોડે વાદ કરવા માટે રાજાની સભામાં ગયા. આ વખતે ભુવનસુંદરી તથા જયસુંદરીએ વિચાર કર્યો કે 'આજે સ્વામીનાથ ઘેર ઘણા મોડા આવશે, માટે ઘણા દિવસથી નહિ વાપરેલા દારૂ અને માંસનો સ્વાદ

લઇએ.' પછી તેમણે માંસની વાનગીઓ બનાવીને ખાધી અને ખૂબ દારૂ પીધો. એ દારૂના ઘેનમાં તે બેભાન થઇને જમીન પર પડી. એવામાં અષાડાભૂતિ વાદમાં પ્રતિપક્ષને જીતીને ઘેર આવ્યા, અને જોયું તો બંને સ્ત્રીઓના મુખમાંથી માંસ અને દારૂની વાસ આવી રહી હતી. એ જ વખતે તેમને પોતાની યાદ આવી એટલે તેઓએ બંને સ્ત્રીઓને જણાવી દીધું કે 'તમે પ્રતિજ્ઞા તોડી છે માટે આપણો સંબંધ પૂરો થયો.' એ વખતે સ્ત્રીઓએ બહુ કલ્પાંત કર્યું અને પોતાની ભૂલ દરગુજર કરવા ઘણી ઘણી વિનંતીઓ કરી; પણ અષાડાભૂતિ પોતાની પ્રતિજ્ઞાથી ચળ્યા નહિ. તે વારે સ્ત્રીઓએ કહ્યું કે: 'સ્વામીનાથ ! તમારો નિર્ણય આવો જ હોય તો અમને પુષ્કળ ધન આપીને પછી જાઓ.' એટલે અષાડાભૂતિએ રાજા આગળ જઇને ભરત ચક્રવર્તીનું નાટક કર્યું અને પોતાના અપૂર્વ અભિનય તથા વેશવિભૂષાથી તેનું દિલ ખુશ કરીને બહુમૂલ્ય રત્નો ભેટમાં મેળવ્યાં અને તેનું સ્ત્રીઓને દાન કરીને સાધુજીવનનો સ્વીકાર કર્યો.

તાત્પર્ય કે જે સાધુ રસલોલુપ થઇને આહાર-પાણી ભોગવે છે અને ગોચરીના નિયમોને તોડે છે તેઓ સાધુજીવનથી પતિત થાય છે અને ગુરુપદની લાયકાત ગુમાવે છે.

—વીણેલા મોતીમાંથી સાભાર.

Grams : **SUKESHI** Pho 334238

Please Contact For.

ALLOY TOOL STEEL.

AND

◀ High SPeed Steel
◀ O. H. N. S. Steel
◀ Stainless Steel
◀ High Carbon High Chrome
◀ Carbon Steel
◀ Nickle Chrome Steel
◀ Hot Die Steel

**UNITED STEEL AGENCY**

(India) 92, Nagdevi Street, **BOMBAY-3.**

# નારી એક રૂપ હજાર

( સત્ય ઘટના )

એકાએક ચાલુ નોકરી તૂટી જવાથી હું ખૂબ મૂંઝવણમાં મુકાઇ ગયેલો. તરતમાં જ બીજો કોઇ ધંધો ન મળે તો કુટુંબની હાલત કફોડી બને તેમ હતું.

કેટલીય જગ્યાએ નિષ્ફળતા મળ્યા પછી મેં કોઇ પરચૂરણ ધંધામાં ઝંપલાવવાનો નિર્ણય કર્યો. એ માટે મારે પાંચેક હજારની મૂડીની જરૂરત હતી. મારી પાસે તો કંઇ ન હતું. આખરે ખૂબ મનોમંથન પછી પત્નીના દાગીના તરફ નજર ગઇ.

પણ મારા કમભાગ્યે વીસ-વીસ વરસની સંગાથી તરત જ બોલી ઊઠી' 'ના રે, મારા દાગીના વેચીને આપણે ધંધો નથી કરવો. ન કરે નારાયણ ને ક્યાંક ધંધામાં ખોટ જાય તો...?'

હવે શું કરવું? હું ભારે વિમાસણ અનુભવવા લાગ્યો. પછી એકાએક એક મિત્ર યાદ આવ્યો. એ પણ સામાન્ય સ્થિતિનો જ હતો, છતાં ય ડૂબતો તણખલું પકડે એ મુજબ હું પણ તેની પાસે ગયો.

સંકોચપૂર્વક મેં એને વાત કરી. એણે કહ્યું, 'મારી પાસે છે બે હજાર રોકડા ને તારે જરૂર છે પાંચ હજારની...' એ વિચારમાં પડયો.

'બેસ જરા, હું આ આવ્યો,' કહી એ અંદર ગયો. થોડી વાર સુધી કંઇક ગુસપુસ વાતો થઈ ને છેલ્લે મિત્રના શબ્દો મારે કાને પડયા. 'કુસુમ! તેં આજે મારી આબરૂ વધારી છે. હું તારો આભાર કઇ રીતે માનું?'

મિત્રની પત્ની બોલી, 'એમાં શું? એ તો મારી ફરજ હતી. તમારા મિત્રમાં તમને વિશ્વાસ છે. તો પછી એક પત્નીને પતિ પર વિશ્વાસ ન હોય?'

મિત્ર હસતો હસતો મારી પાસે આવ્યો. એણે મારા હાથમાં દાગીનાની નાની પેટી મૂકી દીધી, 'લે. આ સહેજે ત્રણેક હજારનાં છે.'

હું આભો જ બની ગયો. આભાર માનવા શબ્દો જડતા નહોતા. આંખમાં આંસુ આવી ગયાં...'

કદાચ બધું ભૂલી જવાય, પણ મિત્ર-પત્નીના બોલ મને હંમેશાં યાદ રહેશે...ને સાથે મારી પત્નીના પણ.

**કે. ચંદ્રનાથ.**

★

રાખડી બંધાવનાર ભાઈ માટેની ભગિનીની ગહન અને અતૂટ ઝંખનાનું આલેખન કરતી એક તલસ્પર્શી વાર્તા–

# રાખડીનો બંધાવનાર

લેખિકા : શ્રીમતી ધીરજબહેન પારેખ

**આં**ગણાંમાં ઊભેલા પીપળાનો છાંયડો બહુ મઝાનો લાગતો. ઉનાળામાં તો મોતીબહેન એ ઝાડનો વારંવાર ઉપકાર માનતાં, પણ આજે તો આંગણું વાળતાં વાળતાં રેણુએ કંટાળાપૂર્વક કહ્યું: "મા ! આંગણું નાનું ને ઝાડ મોટું થઈ ગયું છે ! કેટલા બધાં પાંદડાંનો પથારો થાય છે ફળીમાં ? કપાવી નાખને ! હવે એની શી જરૂર છે ? વળી એને લીધે ઘરમાં અંધારું ય રે' છે."

માએ કહ્યું: " એવું ન કહીએ, દીકરી ! પીપળો તો પૂજવા સરખો દેવ ગણાય. આંગણામાં છે તે સૌ પૂજા કરવા ને પાણી રેડવા આવે છે, જનોઇ પહેરાવે છે. ને એ બહાને આપણું ફળી માણસોથી ઊભરાતું રહે છે. પાંદડાંનો કચરો ઊપાડવાનો તને ન ગમતો હોય તો હવેથી હું જ ફળી વાળી નાખીશ. તું લોટાપવાલાં ઘસજે, બસ ?"

રેણુ પંદરેક વર્ષની, શરીરે પાતળી ને બોલાવે મીઠાબોલી કન્યા હતી. માની વાત સાંભળી એ શરમાઇ ગઇ. એકાદ ટોપલી કચરો રોજ ઊપાડવો પડે એથી પોતે કંટાળી ગઇ હતી એ વાત સાંભળી માનો ચહેરો કેવો ઉદાસ થઈ ગયો હતો એ વિચારતી વિચારતી તે કચરો ફેંકીને પાછી વળી. ત્યારે ય એની મા ઝાડ નીચેના ઓટલા પરથી ઊઠી ન હતી.

રેણુએ વાત બદલવા કહ્યું: "મા ! ગિરજાગોરને ઘેર તો રાખડી બંધાવા માંડી છે. સારી જોઇને હું લઈ આવું ને ?"

મા, રેણુ સામે એકીટશે જોઇ રહી. હા કે ના કશું જ બોલી નહિ. એટલે રેણુએ ફરી પૂછ્યું: "લાવું ને મા ! નહિ તો હેમંતભાઇને વખતસર નહિ પહોંચે."

દર વરસે રેણુ હેમંતને પરગામ રાખડી મોકલતી. આ વરસે ય તે મોકલે એમાં કશો વાંધો નહોતો, પણ તેનો જીવ જ કોઇ બીજી દુનિયામાં ભરાઇ ગયો હતો. એટલે તે કાંઈ બોલી નહિ. તેની આંખો પણ ભીની જેવી લાગી. પુત્રીના બે પ્રશ્નોમાંથી

છેલ્લાનો ઉત્તર વાળ્યો: "લાવજો ને બાઇ!" અને પછી રસોડામાં જઇને તેણે ચૂલો સંધરુકયો અને દાળનું આંધણુ મૂકયું.

રેણુ દાબડીમાંથી પૈસા લઇને ચાલી ગિરજાગોરને ત્યાં. ત્યાં જઈ કહ્યું: "ગિજુકાકા! સારી મજાની રાખડી આપો મને."

"સારી મજાની તો હજી બનાવવાની છે. તું એકા સાથે આવી છે તે એમ કાંઈ રાખડી તૈયાર નહિ થઇ જાય. જા, બેડું ભરીને ઘેર મૂકી આવ. પછી બપોરે નિરાંતે રાખડી લેવા આવજે. ને જો જરીવાળી જોઇતી હશે તો બે પૈસા...કાંઈ નહિ, રે' વા દે, બેન! તારી કનેથી વળી વધુ લેવાય?"

ગિરજાગોરના મોંમાં આવેલો 'બે પૈસા' નો બોલ પાછો વળી જવાનું કારણ તો ગોર જ જાણે. રેણુએ કહ્યું: "તે કાકા! બે પૈસા તે વળી મને શું ભારે પડવાના હતા? અમારી દુકાન તો સારી મજાની ચાલે છે. બાપુ કાંઇ ના નહિ પાડે. તમતમારે સારામાં સારી બનાવજો. બે પૈસા વધુ આપીશ. બસ, બપોર સુધીમાં ફેરો મારી જઇશ. તૈયાર રાખજો જ, કેમકે આજની ટપાલમાં રવાના કરી દેવી છે."

"તો રેણુ! તું કયે ગામ રાખડી મોકલે છે?"

"જાણો છો? છેક આફ્રીકા. ભણીલઇને હેમંતભાઈ આફ્રીકા ગયા છે ને?"

"એમ? એ હેમલો પરણ્યો કે રેણુ?"

'હેમલો હેમલો શું કરતા હશો, કાકા? કેવો ગોરા સાહેબ જેવો મારો ભાઇ? ને એવડા મોટાને ને એટલું ભણેલાને તે હેમલો કે'વાય કે?"

"લે, છોડી! તું તો જાણે મને ય ભણાવવા બેઠી! પણ તારી વાત સાચી છે. હવેથી હેમંત જ કહીશ બસ?"

"બસ. પણ મને ય તે તમે છોડી છોડી શું કરતાં હશો? હવે હું ય..." બટકબોલી રેણુ આગળ એમ ન કહી શકી કે "પરણાવવા જેવડી થઈ ગઇ છું.,, એ તો એટલું જ બોલીને હસતી હસતી ગાગર ઊપાડતીકને ચાલી ગઇ.

ગિરજાશંકર ગોર રેણુના ગયા પછી મનમાં વિચારવા લાગ્યા: "બિચારા દયાળભાઇને હવે આ એક જ દીકરી રહી. ગમે તેવો તો ય હેમંત તો ત્રણ પેઢીનો ચપિતરાઇ જ ને? પેટનો તે પેટનો ને પારકો તે પારકો. વળી તો એ આફ્રિકા ગયો છે એટલે આ લોકોને કદાચ યાદે ય નૈ કરતો હોય. દયાળભાઇ કેડેથી વળી ગયા છે... તો ય હજી બેચ્ચે રાખે છે."

અને પછી ગુલાબી હીરના દોરામાં લાલ હીરનું જરીવાળું ફૂમતું ગિજુભાઇ ગૂંથવા લાગ્યા.

પાણી ભરીને રેણુ ઘેર આવી ત્યારે તેની મા શાક મોરી રહી હતી. સ્હેજ ગુસ્સાથી તેણે કહ્યું: "આટલી બધી વાર એક બેડું લાવતાં? શું કૂવાએ તને બાંધી મેલી'તી?"

રેણુએ ખુશ મીજાજથી ગાવા માંડયું: "ઘડો ન ડૂબે, મારું સીંચણિયું ન પોંચે રે સહી!"

"લે, બેઠી ગરબો ગાવા! જા, જોઇ આવ, દાળ ચડી ગઇ કે?"

રેણુ રાંધણિયામાં ગઇ તો ટાઢો ચૂલો ને ઊની રાખ! તેણે ત્યાંથી જ સ્હેજ મોટે અવાજે કહ્યું: "મા! ચૂલો બળતો જ નથી ત્યાં દાળ ક્યાંથી ચડે? તમે છાણાંલાકડાં તો ગોઠવ્યાં છે, પણ સંધરકયો જ નથી લાગતો!"

"ઓય મને! હું ય કેવી ભૂલકણી છું? દીવાસળી થઇ રહી છે ને રાતનો ભારેલો અંગારો આજ ઓલવાઇ


# અહિંસા જીવનનો પરમ ધર્મ છે.



દસાવાડા-ચારૂપ અને મેત્રાણા તીર્થ વચ્ચે આવેલું છે. પૂ૦ મહારાજશ્રીના સદુપદેશથી **જીવદયા મંડળી** સ્થાપવામાં આવી છે. તે મંડળીના કાર્યવાહકો આજુ બાજુના ગામોમાંથી જીવોને છોડાવી અહીં લાવે છે. **પાંજરાપોળ** માટે જગ્યા મળી છે પણ મકાન ખર્ચ માટે તેમજ જીવ છોડાવવામાં ખર્ચ પણ ઠીક-ઠીક થાય છે તો જીવ દયાપ્રેમી ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે, કે યથાશક્તિ રકમ મોકલી જીવદયાના પુણ્ય કાર્યમાં સહકાર આપશો.

**આપની એક એક પાઇનો સદુપયોગ થશે.**

૨૫૧) રૂ. આપનારનું નામ બોર્ડ ઉપર કાયમી લખવામાં આવશે.

મદદ મોકલવાનું ઠેકાણું :—

**શ્રી જોરાભાઇ કરણસિંહ દેસાઇ** મંત્રી,

**શ્રી જીવદયા મંડળી દશાવાડા,** વાયા પાટણ જિ. મહેસાણા (ઉ. ગુ.)

લી. સેવકો,

**શાહ બાબુલાલ મોહનલાલ કલાણાવાળા** **શાહ રકબીચંદ અમીચંદજી વાગડોદવાળા**
**શાહ નેમચંદ જેચંદભાઇ પાટણ**
**ડા. ભગવાનજી ભેમાજી દશાવાડા (સરપંચ) શેઠ કિશનચંદ ભોજરાજ**
ટસ્ટીઓ, દશાવાડા

ગ્યો'તો થયું કે પાડોશમાંથી દેવતા માંગી લાવીશ. પણ મૂઇ હું ભૂલી જ ગઇ ! આ થોડીવારમાં તો દુકાનેથી તારા બાપુ આવીને જમવા માંગશે. એમ કર, મણિભાભીને ઘેરથી દેખાળવો લઇ આવ.''

''ના. કાંઇ જરૂર નથી. મેં દીવા-સળીની એક પેટી માટલીમાં મૂકી રાખી છે. છેલ્લી ઘડી સુધી મંગાવવાનું તમને નથી સાંભરતું એ તમારી ટેવ હું જાણું. એટલે જ સંઘરી રાખી'તી.''

પછી રેણુએ ચાર રાડાં નાખીને બળતું કર્યું ત્યારે માએ કહ્યું: ''ગગી ! આંધણ ઊતારી નાખ ને આ શાક જ વધારી નાખ. આજ દાળભાળ નથી કરવી. હાલું મોડું થાશે.''

'' પણ મા ! દાળ હોય તો સારા બાપુ તેમાં રોટલો ચોળીને ખાઇ શકે. હું બે ચૂલા સંધરુકું છું. હમણાં ઝપાટાબંધ રસોઇ થઇ જશે. ને મા ! તમે મારે બદલે ગિરજાકાકાને ત્યાં જાઓ ને રાખડી લઇ આવો. સારી રાખડીના બે પૈસા વધુ માગે તો દેજો.''

માએ કહ્યું: '' ના બાઇ ! ના. રાખડી લેવા તો તું જ જજે. મારી લાવેલી તને ગમશે જ નૈ ને પછી કેશ કે શુક્રવાર વગરની લાવ્યાં !''

'' મા ! હું કો'ક વાર એવું એવું બોલું છું તે તને ઓછું આવે છે, નૈ ? મન ઘણું ય મારી રાખું છું તો ય કાંક કાંક બોલી દેવાય છે. પેલાંથી તમે મને લાડમાં ન ઉછેરી હોત તો મારી જીભે ભારવફર રે'ત.''

દીકરીની આવી સમજ ભરેલી વાતોથા મોતીબેન રાજી થઇ ગયાં. બોલ્યાં: ''બેન ! માવતરને જણ્યાથી વધારે વા'લું શું હોય ? પેટમાં હોય ત્યાંથી એનું જતન કરતાં આવે તે...મરે ત્યાંસુધી. પણ તો ય જણ્યાને માવતરની કદર ન થાય એ વાત કેવી ?''

પાસે આવીને માની કને બેસતાં રેણુ સ્હેજ લાડથી બોલી: '' મા ! તમારી કદર મને નથી એમ તમે માનો છો ? હું કોઇ દી' તમારી ઉપરવટ થઇ છું ?''

''બેન ! હું તારી વાત નથી કરતી. તું તો ડા'પણનો ભંડાર છો. સાસરે જાઇશ પછી અમારૂં આંગણું તો સૂનું જ ને ? તારી સગાઇ કરી ત્યારે અમે રાજી રાજી થઇ ગ્યાં'તાં. પણ જેમ જેમ તારૂં લગન ઢુંકડું આવે છે એમ એમ તો મારા હાથ પગ ગળી પડે છે ! તું આજ હેમાને કાગળ લખે તેમાં લખજે કે શિયાળામાં આવી જાય. જવતલિયા વગર લગન થાશે કાંઇ ?''

' તે હું ઇ નૈ લખું. મને શરમ ન લાગે ? મારા બાપુ લખે ઇ જ ઠીક ગણાય. '

ને રેણુ તરત ચૂલા પાસે જઇ કામે વળગી. મોતીબેન તો કોથળો પાથરીને આડાં પડયાં.

એ પીપળો, એ પાંદડાં, એ રાખડી, જવતલ...એવા એવા હજારો તરંગોમાં એમનું ચિત્ત હિલોરા લેવા માંડયું: 'પીપળાથી ઘર આખુંય ભલે ઢંકાઇ જાય, પણ એને ને કપાવું!' પેટના દીકરા જેટલો જ મોતીબેનને એ પીપળા પર ભાવ હતો. એના થાળામાં રોજ પાણી રેડતાં, પૂજા કરતાં ને આંસુભરી આંખે ઘરમાં આવતાં.

એ જ પીપળાના ઓટા પર છોકરાં રમત રમતાં, ધીંગામસ્તી માંડતાં ને મોટા થયા પછી પ્રેમભરી આંખો ય એક બીજા સામે માંડતાં. શેરીની છોકરીઓ પણ થાળાવાળા એ ઓટા પર આવીને બેસતી. મણિશંકર શાસ્ત્રીની જસુ તો ત્યાં બેસીને ચાકળા ચંદરવા ભરતી ને મીઠી મીઠી વાતો કરતી.

અને મોતીબેનને પેલો દુઃખદ પ્રસંગ સાંભર્યો:

પોતે રોટલા ઘડતાં હતાં અને રેણુ ઘોડિયામાં સૂતી હતી. દયાળભાઇ દુકાને ગયા હતા. જસુ ઓટલા પર બેસી ભરત ભરતી ભરતી વાતોના ટહૂકારા કરતી હતી "કાકી! હવે તમારે માથેથી કામ ઊતરી જશે. પછી એ ને મજાનાં ધરમધ્યાન કરજો."

મોતીબેને કહ્યું: "હાસ્તો, વીંઝણા જેવી વહુ લાવીશું. માથેથી બધો ય ભાર ઊતરી જશે."

આ વાતનો જવાબ ન મળતાં મોતીબેનને થયું કે જસુ જતી રહી કે શું? પણ વાત એમ હતી કે જસુ ચાતકની પેઠે જેની રાહ જોઇ રહી હતી એ યુવાન આવી લાગ્યો હતો અને ડેલી બંધ કરીને ઓસરીના એકાંત ખૂણામાં જસુ ચીમન જોડે પ્રેમગોષ્ટિમાં પડી ગઇ હતી. ચીમન જસુનો ચિરપરિચિત હાથ પોતાના હાથમાં લઇ બેઠો હતો ત્યાં તેણે હાથમાં લોટના પીંડલા સહિત માને દીઠી. ચીમન પર જાણે વજ્રઘાત થયો! માનાં હાથમાંથી લોટનો લુવો પડી ગયો અને એણે પછાટ ખાધી!

જસુ ડઘાઇ ગઇ, પણ તરત જ ડેલી ઉઘાડીને નાઠી. નેહનીતરતી પોતાની જુવાની પર તેને ય ઝેર વરસ્યું. ચીમનને કાપો તો લોહી ન નીકળે એવો થઇ ગયો. ચીમન પ્રેમી હતો. પણ એ પ્રેમ પાર પાડવાની હિંમત ન રહી. જસુ પ્રેયસી હતી. ઘર ઘરની રમતમાંથી બેઉનો પ્રાણ પ્રીતને પાલવડે બંધાઇ ગયો હતો, છતાં નાતજાતની જુદાઇને કારણે એમનાં લગ્ન શકય નહોતાં. તે દહાડે એ રીતે પ્રેમ વ્યક્ત કરવાની બેઉમાં અધીરપ આવી

ગઈ હશે. આ પ્રથમ તકે જ પકડાઇ જતાં લજ્જાભાર હૈડળ દબાઇને ચીમન એ જ સાંજે ઘર છોડી ગયો હતો! વાત દાબીદુબી રહી ગઇ હતી, પણ ઘરડાં થવા આવેલાં કેડ ભાંગી પડી.

પિતાનો એકનો એક વંશવારસ શા દુઃખે ઘર છોડી ગયો હશે એ જ કોઇ કલ્પી શકયું નહિ. મોતીબેને કોઇને ય ખરું કારણ ન કહીને જસુને બદનામ થતી બચાવી લીધી હતી. જસુ એ ગુણ ભૂલી નહોતી. જસુના પિતા મૃત્યુ પામ્યા ને કુટુંબમાં ખાસ કોઇ ન હોવાથી દયાળભાઇ તેમ જ મોતીબેને જ તેને કન્યાદાન પણ દીધું હતું.

જસુ સાસરે ગઇ ત્યારે મોતીબેનના પગમાં પડીને પારાવાર રડી હતી. એણે કહેલું: "કાકી! તમને દુઃખ પડયું છતાં તમે મને બચાવી લીધી. તમારો ઉપકાર શી રીતે વાળીશ?"

દયાળભાઇએ ચીમનની ઘણી તપાસ કરાવી હતી, પણ તેનો પત્તો જ મળ્યો નહિ. આ પીપળો ચીમને જ વાવ્યો હતો. મોતીબેન તેને શી રીતે કાપવા દે?

પિતરાઇ કાકાનો હેમંત ને ચીમન બંને જોડના જ હતા એમ મા કહેતી અને આંસુ સારતી ત્યારે સમજણી થઇ ચૂકેલી રેણુ કહેતી: "મા! હવે ચીમનભાઇને બદલે હેમંતભાઇ જ આપણો..."

"ઘણું જીવજે, મારી દીકરી! હેમંતને જ તું ભાઇ માનજે. હવેથી રાખડી બાંધવાને દિવસે રોતી નહિ."

અને રેણુના આંસુ ત્યારથી ભાઇ માટે સૂકાઇ ગયાં હતાં. આમે ય ભાઇ ગયો ત્યારે તે માત્ર બે જ વરસની હતી તેથી મામા પણ ન હતી. જો કે એને એ વાતનું લાગી તો આવતું જ.

રેણુ સુંદર રાખડી લઇને પાછી આવી ત્યારે માએ કહ્યું: "ટપાલી કાગળ દઇ ગયો છે. વાંચ જોઉં, હેમંતનો જ છે ને?"

પત્ર વાંચીને રેણુ રણકી ઊઠી: "મા! મા! હવે આ રાખડી તો ચીમનભાઇને હાથે હેમંતભાઇ બાંધશે. ચીમનભાઇ આફ્રિકામાં જડયો! લે, હવે હું એક બીજી રાખડી હેમંતભાઇ માટે બનાવડાવી લાવું."

"હેં?...સાચું?" મોતીબેન એથી વધુ કાંઇ જ ન બોલી શકયાં.

# સોનામાં સુગંધ

પદ્મા ફડિયા

**સં**ધ્યા સૂર્યદેવને ચરણે ઢળતી હતી. આકાશના રંગો આથમતા હતા. પશુપંખીઓ ને માનવો નિજસ્થાને આનંદથી પાછાં વળતાં હતાં. ઊંચેથી પડતા ધોધના ફીણનાં ફોરાં જેવો વરસાદ વરસી રહ્યો હતો. ત્યારે પુનિતા ધીમે પગલે મારા ઉંબર પર આવીને ઊભી રહી.

'ઓહો, પુનિતા! આવ, આવ.'

'કાલે જાઉં છું, બહેન. એટલે આજે મળવા આવી.'

'કેમ, ક્યાં જાય છે?' પ્રશ્ન પૂછતા હું વિચારમાં પડી ગઇ. પુનિતાનાં લગ્ન થયાં ન હતાં.

'બા પાસે ગામડે. મારે બીજે ક્યાં જવાનું હોય બહેન!'

'પણ તને અહીં શું દુઃખ પડયું? દાદી છે, ભાઈ છે. નાની બહેન છે.' હું હસી.

'છે તો બધાંય, પણ હું ભણી નથી એ જ મોટું દુઃખ છે. રોજરોજ લોહી ઉકાળા કરવા એના કરતાં બા પાસે રહું તો બધી ઉપાધિ ટળી જાય.'

'એમ કાંઈ દૂર રહેવાથી ઉપાધિ ટળવાની છે? અને તારે વળી ઉપાધિ શી?'

'નહિ સમજાય તમને, સાસુવહુના ઝઘડા કે નણંદભોજાઇનો ક્લેશ સમજી શકાય. પણ માને દીકરી સાથે ન બને, ભાઇને બહેન સાથે મેળ ન જામે, બહેન બહેન વચ્ચે ઇર્ષા જાગે. આ વાતને કોણ સમજી શકે?'

'મને તો લાગે છે કે ત્રીજું વિશ્વયુદ્ધ તારે જ ઘેર આવવાનું છે!' મેં હસતાં હસતાં કહ્યું.

'જગતમાં બે વિશ્વયુદ્ધો થયાં એ તો સ્વતંત્રતાને નામે સત્તા લેવા માટે. આ ત્રીજું યુદ્ધ તો ઘરઘરનું થવાનું છે. કૌરવ–પાંડવોનું યુદ્ધ તો ધર્મયુગ ગણાતું. રજપૂત–મુસલમાનોનું યુદ્ધ ધર્મ અને આઝાદીનું યુદ્ધ ગણાતું. ગાંધીજીની લડાઇ અહિંસાની લડાઇ મનાતી. ત્યાં તો અહિંસાનો મહામંત્ર મંગલઘોષ કરતો હતો. આજે ઘરઘરને આંગણે જે યુદ્ધ થઇ રહ્યું છે, ઘેરઘેર જે કંકાસની હોળી સળગી રહી છે, એનો આર્તનાદ કોણ સાંભળે છે?'

'ઓહો ! બાપ રે ! તું તો મોટી દાર્શનિક બની ગઇ.' હજુયે હું એને હસતી હતી.

'વાત એમ છે બહેન !' કહેતાં એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં: 'ભાઇ અને બહેન સાથે મારે ઊભા રહે બનતું નથી. તમને નવાઇ લાગશે કે લોહીની સગાઇવાળાને તે આવું હોય ! પણ એવું છે જ. રાત-દિવસ કામનો ઢસરડો હું કરું છું. પણ કોણ જાણે કેમ, તેમની આંખમાં હું કણાની જેમ ખૂચું છું. હું ભણેલી નથી, તેથી મારે આખા ઘરનું કામ-કાજ કરવાનું. હું દેખાવે સુંદર નથી, ફેશન મને રુચતી નથી તેથી, મારે બહાર એમની સાથે હરવા-ફરવા નહિ જવાનું. મને જ્ઞાન વિનાનીને ચીન-હિન્દની વાતોમાં રસ ન પડે એટલે મારે એમની વાતોમાં માથું નહિ માર-વાનું. એટલે જ હું આ ઘરમાં નોકર જેવી છું. એમનો વર્તાવ પણ મારી સાથે એવો છે. વાતવાતમાં મારું અપમાન કરે. હુંયે માણસ છું ને. આનાં કરતાં હું પરણી ગઈ હોત તોય સારું થાત કે જીવવાનો અધિકાર તો મળત.'

'પુનિતા !' રડતી પુનિતાને હીંચકા પર બેસાડતાં મેં એને હળવે રહીને પૂછ્યું: 'પતિ સારો ને ભાઇ ખોટો એ વાતમાં એ બન્ને પુરુષ છે એ ન ભૂલતી.'

'સમાજની સાક્ષીએ જે પતિ થઈ બેઠો છે એને માથે સ્ત્રીના ભરણ-પોષણની જવાબદારી છે. જ્યારે ભાઇ, ભાઇ મટી જાય છે ત્યારે એની કોઈ જવાબદારી રહેતી નથી.'

'તો તું કરીશ શું ?'

'હું ગામડે જઇશ.'

'ત્યાં ગામડામાં તને ગમશે ?'

'હા, હજુ પણ ત્યાં સૌન્દર્યને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું નથી. ફેશન સાચા હૃદયથી આવકાર પામી નથી. કામ કરો ને હળીમળીને રહો એવો મંગલભાવ હજુ પણ ત્યાં ગુંજે છે. આ ગુલામીભર્યા વાતાવરણ-માંથી તો હું છૂટીશ.'

'પણ એક ગીત ગાઇને તો જા.'

પુનિતા ખૂબ સરસ ગાતી હતી.

અને એ પુનિતાએ જ્યારે ગુરુ બિન કૌન બતાવે વાટ' ગીત ગાયું ત્યારે મારું દિલ પણ હાલી ગયું. પુનિતા ગઇ. એ ગામડામાં ચાલી ગઇ.

દિવસો વીતી ગયા. એના કોઇ સમાચાર ન હતા. હું એના ભાઇ મીનેશને પણ મળવા ગઇ. ઘરનું વાતા-વરણ જોઇને જ હું ઊબકો ખાઈ ગઇ.

પુનિતા હતી ત્યારે આ ઘર જાણે નાના બાળકની જેમ હસતું હતું. વાટિકામાં જેમ ફૂલ ખીલ્યું હોય ને મંદ મંદ મલકતું હોય એવું આ ઘર

શોભતું હતું. અને આજે તો જાણે એ આક્રંદ કરતું હતું. એના રોમે-રોમ જાણે દુઃખના ડામ દેવાયા હતા. મને તો એ ઘરમાં પળવાર પણ ઊભા રહેવું ન ગમ્યું. ક્યાં પુનિતાના પ્રાણ સમું સ્ફટિક-શું શોભતું એ ઘર ને ક્યાં મલિનતાથી મ્લાન થયેલું ઘર!

હું તો પાછી ફરી પગથિયાં ઊતરવા લાગી. ત્યાં જ પુનિતાની નાની બેન સરયૂએ દોડતાં આવી બૂમ પાડી: 'બહેન, આવ્યાં તેવાં કેમ ચાલ્યાં જાવ છો?'

'કેમ, પુનિતાના કાંઈ સમાચાર છે?'
'હા, એને અહીં બોલાવી છે.'
'કેમ?'

'આ આખા ઘરનું કામકાજ મારાથી થતું નથી.'

મારા મનમાં ભારે આઘાત થયો:
'સરયૂ, શું તમે એને એને તમારી ગુલામ સમજો છો! એ ભણી નથી એટલે એને આખા ઘરનું વૈતરું કૂટવાનું ને તમારે મોજમજાહ કરવાની! તમારા ભણતરનો આ ન્યાય છે? એને કામ કરવાનું ને તમારે શોખ કરવાના! જેના ઘરમાં વડીલ-શાહી કે સાચી લોકશાહી નથી તેનું ઘર હંમેશા કહોવાયેલું જ રહે છે. તું તારું ઘર જો, તારું જીવન જો.'

'પણ બહેન!' સરયૂના હૈયેથી પશ્ચાત્તાપનો પ્રવાહ વહેવા લાગ્યો.

'બહેન શું? આ ઘરમાં ન મળે રૂપ રંગ, ન મળે શાંતિની સુગંધ! અને તું તારા મિત્રોમાં જ લદાયેલી હોય. જ્યારે પેલી બિચારી ગભરુ હરિણી જેવી છે તે કામ કરી કરીને કસર વાળી નાખે, તમને બધાને પ્રેમથી ખવરાવે, તેને તમે ઘરમાંથી દૂર કરો!'

'બહેન, જરા સાંભળો તો ખરા. વાસણ માંજુ છું તો હાથમાં ટાંકીઓ પડી જાય છે. કપડાં ધોઉં છું તો ફોલ્લા પડી જાય છે. હું તો કેવી રીતે કામ કરું?'

'ફટ રે ભૂંડી! ભણેલી ને સંસ્કારી છોકરીના આ સંસ્કાર! એને બોલતાં ચપ ચપ આવડે ને કામ કરતાં શરીરે ઘા પડે! બળ્યો એ અવતાર ને ધૂળ પડી એ ભણતરમાં. આજની કેળવણીએ જ સ્ત્રીઓની શારીરિક શક્તિ ઘટાડી દીધી છે. મને કહે તો ખરી સરયૂ, કે ભણવામાં તને શું મળ્યું?'

'બહેન!'

'એ મધુર અવાજ કોનો!' વિચારતાં જ મેં એ બાજુ નજર કરી તો ત્યાં પુનિતા સરયૂને છાતીસરસી ચાંપી હેત કરતી હતી.

'બહેન,' તે ફરીથી બોલી: ભણતરને શા માટે વગોવો છો? એમ કહો કે એ જ્ઞાન લેવા માટે આપણી આંખ હજી પૂરી ખૂલી નથી. હું તો

માત્ર મજૂરીનું કામ કરી જાણતી હતી. એ શ્રમમાં કલાના રંગ તો સરયૂ જ પૂરતી હતી. ઘર સાફ હું કરતી, પણ વ્યવસ્થા એની. કપડાં હું ધોતી પણ સફાઇદાર ગડી એની. મહેનત મારી ને કલા એની.'

દૂધમાં સાકર ભળી ગઇ. હું ચૂપ થઈ ગઇ. સરયૂ પણ આવક્ બની પુનિતાને નિહાળી રહી.

'એમાં તમે બંને મારા સામું શું જોયા કરો છો? મહેનતને મજૂરી ગણીએ ને મહેનત કરનારને ગુલામ ગણીએ તો જીવન હંમેશા વિસંવાદી રહેવાનું. મહેનતમાં જ્યારે કલા ભળે છે ત્યારે તેમાં સુસંવાદિતા આવે છે.'

સરયૂએ નીચા નમી પુનિતાના પગ પકડયા.

'બસ બહેન, બસ. બહુ થયું. જ્ઞાન જ્યારે નમ્ર બને છે ત્યારે જ એ જ્ઞાન સાચું જ્ઞાન બને છે. શ્રમનો મહિમા તેં જાણ્યો. મારે મન એ જ પ્રભુનો પ્રસાદ આરોગીએ.'

ને ગામડેથી અગિયારશનો પ્રસાદ લઈ આવેલી પુનિતાએ સરયૂ અને મને બન્નેને પ્રસાદ આપ્યો.

ને ત્યાં પ્રેમ, ભક્તિ અને શ્રમની ત્રિવેણી વહી રહી.

●


# અરવિંદ સી. શાહ

[ ફોટો આર્ટીસ્ટ ]

**ઓથોરાઈઝડ ડીલર્સ**

**ઈલિફર્ડ અને ફયુજી**

જૈનોના તમામ તીર્થો અને તીર્થંકર ભગવંતોના સાદા તેમ જ ટેકનીકલરમાં દરેક સાઇઝના ફોટાઓ તેમ જ ટેકનીકલર સ્લાઇડો અમારે ત્યાંથી મળશે.

તેમ જ લગ્ન સમારંભ, મિજબાનીઓ, સભાઓ, ઉત્સવો તેમ જ ધાર્મિક અનુષ્ઠાન પ્રસંગોમાં કીફાયત ભાવે ફોટાઓ પાડી આપીશું.

—: મળો યા લખો :—

**૪૯, જવાહરનગર, મધુકુંજ, ગોરેગાંવ, મુંબઇ ૬૨.**

# શ્રીમદ્‌જીની કાવ્ય સર્જના અંગે યત્‌કિંચિત્‌

બધાજ સાહિત્યકારો કંઇ કવિ નથી હોતાં. અને જેઓ બંને હોય છે, મતલબ કે જેઓ ગદ્ય અને પદ્ય બંનેમાં કલમ ચલાવી શકે છે તેઓનું પદ્ય જ વિશેષ પ્રિય થઈ પડે છે.

શેકસપીયરના નાટકો તો યાદગાર છે જ; પણ તેના નાટકમાં આવતી કાવ્યપંકિતઓ વધુ યાદગાર છે.

ગોરા અને ઘરેબાહિરે જેવી મહા નવલો આપનાર ટાગોર વધુ જાણીતા અને વહાલા તેમની 'ગીતાંજલી' ના લીધે જ છે એમ કહું તો અતિશયોકિત નહિ જ ગણાય.

તેવું જ આપણા 'કલાપી' નું છે. તેમની ગઝલો તેમજ જેટલા તેમના મંદાક્રાંતા લોકકંઠે છે તેટલા તેમના પત્રો તેમજ બીજું સાહિત્ય નથી.

આનું કારણ મારા મતે તો કવિનું દર્દ, તેની સંવેદના તેમજ તેની ખુમારી જેટલી તીવ્રતાથી કાવ્યમાં વણાય છે તેટલી ખુમારી ને વેદના તેનાં ગદ્યમાં વણાતી નથી. અને વણાતી હોય છે તો કાવ્ય જેટલી તે વેધક ને સચોટ બની શકતી નથી

કવિતાને શું એવું વરદાન હશે ? જે હોય તે.

શ્રીમદ્‌જી પણ ગદ્યકાર કરતા વધુ તે કવિતાના જીવ હતા. કવિ હતા.

પોતાના જીવન ધ્યેયને તેમણે ગદ્યમાં કયાંક કયાંક લખ્યું છે પણ કવિતામાં તે જે રીતે રજુઆત પામ્યું છે તે વાંચીને તેમના એ ઉમદા અને ઉદાર ધ્યેય માટે તેમના ચરણે માથું નમી જાય છે. તે લખે છે:

દુઃખીઓનાં હૃદય દ્રવતાં, દુઃખથી આંસુડા એ;
લુંછું એવું, જગ શુભ કરું, કો' ન રહે દુઃખડાએ.

આત્મોલ્લાસે સતત બળથી, સર્વને શાંતિ દેવા;
ધારું ધારું હૃદય ઘટમાં, નિત્ય હો વિશ્વ સેવા.

જીવનધ્યેયની ખુમારી તો તેમની આ પંક્તિઓ બતાવી જાય છે:

જીવોની શાંતિ માટે, ભલા લેખો લખ્યાં કરશું;
ખરો ઉપદેશ દેતાં રે, પડે જો પ્રાણ તો પણ શું ?

× ※ ×

આગળ ઉલ્લેખ થઈ જ ગયો છે કે શ્રીમદ્જીની કાવ્ય સર્જના વિપુલ છે. અને ભજનોના અગિયાર સંગ્રહોનું તેમનું કાવ્યપ્રદાન છે.

તે દરેકમાંથી 'વાનગી' રૂપે થોડીક પંક્તિઓ અત્રે રજુ કરવામાં આવે છે.

તે વાંચી કદાચ થશે કે અરે! આ તો નરસિંહ મહેતા બોલે છે! અને આ તો જાણે કલાપીની જ સંવેદના !!

એ સૌની શ્રીમદ્જીની કાવ્યો પર છાયા હોવા છતાં તે તેમની મૌલિક સર્જના છે એ સ્પષ્ટતા કરવાની જરૂર છે ખરી ?

—ગુણવંત શાહ

★

# વાનગી

અલખ દેશમેં વાસ હમારા, માયાસે હમ હૈ ન્યારા;
નિર્મલ જ્યોતિ નિરાકર હમ, હરદમ હમ ધ્રુવકા તારા.

[ભ. સં. ભા. ૧]

અલખ હમારા દેશ ખરા હૈ, અલખ હમારા નામા હૈ;
સિદ્ધ સ્થાન હૈ સત્ય હમારા, આશ્રય આતમ રામા હૈ.
અસલ ફકીરી અલખ વેશમેં, સદા ચિત્ત મસ્તાના હૈ;
અલખ ધૂનથી હમ રંગાયા, જ્ઞાને સદા ગુલતાના હૈ.

[ભ. સં. ભા. ૨]

દેહનગરમાં જો તું વિચાર, કોણ આવી ગયા નથી;
અનંત આવ્યા અંતે ચાલ્યા, તન ધન માયા અહીં રહી.

[ભ. સં. ભા. ૩]

*

નવલગ્ન લીલામાં શું ભર્યું ? કામી જન રાચી રહે !
સુખે જીવનની દોરી કલ્પી, સ્મરણ કરી તે મન લહે !
ડુંગરા રળીયામણા તો, દૂર થકી લાગ્યા મહીં,
પરણીને જોયું પછી તો, સાર તેમાં કંઈ નહીં.

[ભ. સં. ભા. ૪]

*

અમે ઉસ્તાદના ચેલા, ફકીરી વેશમાં ફરતાં,
નથી દુનિયા તણી પરવા, અલખની ધૂનમાં રહેતાં.
જગાવીશું હૃદય ગુફા, બુઝાવીશું વિકલ્પોને.
જગાવીશું ચિદાત્માને, નથી લેવું નથી દેવું.

[ભ. સં. ભા. ૫]

*

દઈ ઉપદેશને ખાવું, ગમે તેને ખરા ભાવે;
કરી ઉપકારને ખાવું, હુકમ મારા શિષ્યોને.
કરુણા સર્વ પર કરવી, બુરાનું પણ ભલું કરવું;
ખરો મહાવીરની આજ્ઞા, હુકમ મારા શિષ્યોને.

[ભ. સં. ભા. ૬]

*

તુજ જિંદગીના હોમની, શુભ ભસ્મમાંથી જાગશે,
કોટી મનુષ્યો માનીને, 'બુધ્ધ્યબ્ધિ' બીજો વાવજે.

[ભ. સં. ભા. ૭]

*

સહુ દેશથી રળિયામણો, આનંદ જ્યાં પ્રગટે ઘણો,
શાહ કુદરતી સોહામણો, ગુજરાત પ્યારો પ્રાણ છે.

[ભ. સં. ભા. ૮]

અમે લાલન બન્યા છએ, પ્રભુ મહાવીરના નક્કી,
અમે સાકી ખરા ખાખી, ખુદા મહાવીર છે સાકી;
પ્રભુએ પ્રેમની પ્યાલી, અમારા હોઠે અડકાળી,
ચઢી લાલી મઝા ભાળી, પ્રભુરૂપે રહ્યો મ્હાલી;
નથી મગદૂર બીજાની, ઉતારે શીર શરવાહી.

[ભ. સં. ભા. ૯]

*

માયાવસ્ત્ર ખરી પડ્યું, થયો આતમ નાગો,
લાજ ન મર્યાદા રહી, શુદ્ધ ઉપયોગ જાગ્યો;
નાગાની શાહેનશાહીની, કોઈ આવે ન તોલે,
આનંદરસ ઘેરાયેલી, આંખો ઘેનમાં ડોલે.

[ભ. સં. ભા. ૧૦]

*

આતમ અકલ કલા ત્હારી, ત્હારી અલખ ગતિ ન્યારી,
નહિ તું માયા, નહિ તું કાયા, નહિ તું પવન ને પાણી રે;
નહિ તું પૃથ્વી નહિ તું અગ્નિ, નહિ આકાર નિશાની.

[ભ. સં. ભા. ૧૧]

# નહિ તું નહિ હું

નહિ તું માયા નહિ તું કાયા, નહિ તું પવન ને પાણી રે;
નહિ તું પૃથ્વી નહિ તું અગ્નિ, નહિ આકાર નિશાની...આતમ૦
નહિ તું નારી નર ને નપુંસક, નહિ ગુરુ ને ચેલા રે;
નહિ તું ત્યાગી ઘરબારી, નહિ તું મન ને મેળા....આતમ૦
નહિ તું કાયા નહિ તું વાણી, નહિ તું પ્યારો પ્યારી રે;
નહિ તું હિંદુ જૈન મુસલમાન, નહિ તું હલકો ભારી....આતમ૦

નહિ તું કાળો ગોરો ધોળો, નહિ માયા જંજાળી રે;
નહિ તું કર્મ ને નહિ તું મોહી, નહિ તું દુનિયાદારી....આતમ૦

બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય ન શૂદ્ર જ, સર્વ વર્ણથી ન્યારો રે;
અભડાતો નહિ નહિ અભડાયો, ખેલ છે ત્હારો ન્યારો....આતમ૦

નહિ તું ઊંચો નહિ તું નીચો, પુદ્ગલ દશ્યથી ન્યારો રે;
આંખે દેખાતો તે તું નહીં, નહિ મરણ અવતારો....આતમ૦

જશ અપજશ પુદ્ગલથી ન્યારો રે, નહિ તું ધન ને સત્તા રે;
ઇન્દ્રિયોથી તું છે ન્યારો, નહિ તું મિલકત મતા રે....આતમ૦

તું દેખે ને તું હિ દેખાવે, તું ગાવે ગવરાવે રે,
તું હિ સુણે ને તું હિ સુણાવે, તું સબ ખેલ કરાવે....આતમ૦

તું હિ ભણે ને તું હિ ભણાવે, તું હિ નિજને ધ્યાવે રે;
સબ ખેલો તું કરે કરાવે, ન્યારો થૈ સમજાવે....આતમ૦

તું હિ કર્તા તું હિ અકર્તા, અકળ તમાસો ત્હારો રે,
અનેક દૃષ્ટિમયને તેથી ક્ષણમાં થાવે ન્યારો....આતમ૦

આપ આપનું ભજન કરે ને, આપોઆપ સુણાવે રે;
સુણનારો ને ગાનારો તું, બાજી અજબ જણાવે....આતમ૦

સ્વામી ને સેવક તું પોતે, નાગર નટની બાજી રે;
તેમાં સમજ્યા ચૂપ બન્યા તે, બ્રાહ્મણ જતિ ને કાજી રે....આતમ૦

તું નહિ વ્રત તપ મક્કા કાશી, નહિ કાજી સંન્યાસી રે,
શોધકને સર્વત્ર જ તું છે, સમજે ટળે ઉદાસી રે....આતમ૦

શો નિજને તું નહિ શોધાવે, હું તું તેથી ન્યારો રે;
હું તું તેમાં તુંહી સબમાં, કરતો જગ ઉજિયારો રે....આતમ૦

લૂણ પૂતળી સાગરમાં ગઈ, સાગર માંહી સમાણી રે;
બુદ્ધિસાગર આતમ રૂપનો પાર ન પામે વાણી રે....આતમ૦

# પ્રેરણાના પ્રતિબિંબ
## યાને
# જ્ઞાન પિપાસુઓની સામયિક બેઠક

**શ્રી હરગોવીંદદાસ સંપ્રિતચંદની**
**શુભ પ્રેરણાથી એક વરસના**

| | |
|---|---|
| શ્રી રમણલાલ નહાલચંદ | કપડવંજ |
| ,, પનુભાઇ કેશવલાલ | ,, |
| ,, વાડીલાલ તારાચંદ | ,, |
| ,, ચંદુલાલ છોટાલાલ | ,, |
| ,, મહાસુખભાઈ ફુલચંદ | મહુધા |
| ,, મહાસુખભાઇ ચુનીલાલ | ,, |
| ,, કેશવલાલ જેચંદભાઇ | તોરણા |
| ,, મણીલાલ લલ્લુભાઈ | ,, |
| ,, સુશીલાબેન કોદરલાલ | પ્રાંતિજ |
| ,, ભાનુમતિ હીરાલાલ શાહ | મુંબઇ |
| ,, અનીલકુમાર છોટાલાલ | ,, |

**બે વરસના**

| | |
|---|---|
| શ્રી બાબુલાલ ગુલાબચંદ | વડનગર |

**એક વરસના**

| | |
|---|---|
| શ્રી મફતલાલ મુળચંદ | એકલારા |
| ,, સંઘવી કસ્તુરચંદ નાનચંદ | મુંબઇ |
| ,, નરસિંહજી ભભુતમલની કું. | ,, |
| ,, સવાઇલાલ ખેતસીભાઈ | ,, |

**નગીનદાસ ભીખાભાઇની**
**શુભ પ્રેરણાથા એક વરસના**

| | |
|---|---|
| શ્રી ડાયાભાઇ હીરાલાલ | પુના |
| ,, રસીકલાલ કાંતીલાલ | , |
| ,, મોહનલાલ વાલચંદ | ,, |
| ,, હીરાલાલ ડાયાલાલ | ,, |

**અમૃતલાલ શીવલાલની**
**શુભ પ્રેરણાથી**

| | |
|---|---|
| શ્રી બાબુલાલ જેચંદભાઈ | મુંબઇ |
| ,, બાબુલાલ સી. જરીવાલા | ,, |
| ,, પોપટલાલ કચરાભાઈ | ,, |
| ,, કાંતીલાલ મગનલાલ | ,, |
| ,, પોપટલાલ મોહનલાલ | ,, |
| ,, જંબુભાઇ અંબાલાલ | ,, |
| ,, ભાઇચંદ નગીનદાસ | ,, |
| ,, નિરંજન ચીમનલાલ | ,, |
| ,, રમણલાલ ચીમનલાલ | ,, |
| ,, સનાલાલ ભોગીલાલ | ,, |
| ,, કાંતીલાલ હરગોવીંદદાસ | ,, |
| ,, જયંતીલાલ છોટાલાલ | ,, |
| ,, કાંતીલાલ ડાયાભાઇ | ,, |
| ,, પાપટલાલ હકમચંદ | ,, |
| ,, કૃષ્ણા એજન્સી | ,, |
| ,, ચીમનલાલ એન. શાહ | ,, |
| ,, ચંપકલાલ ભોગીલાલ | ,, |
| ,, પ્રેમચંદ ગોમાજી | ,, |
| ,, અનીલકુમાર એન્ડ કું. | ,, |
| ,, રમણલાલ લાલભાઇ શેઠ | ,, |
| ,, ચુનીલાલ ઉત્તમલાલ | ,, |
| ,, રીખવચંદ મોહનલાલ | ,, |
| ,, મંગુબેન જેસંગલાલ | ,, |
| ,, વ્રજલાલ ભોગીલાલ | ,, |

શ્રી પોપટલાલ નરોતમદાસ મુંબઈ
,, જયંતીલાલ ભોગીલાલ ,,
,, કાંતીલાલ હરગોવીનદાસ ,,
,, કંકુચંદ જેચંદભાઈ ,,
,, હીરાલાલ છગનલાલ ,,
,, બચુભાઈ વારાણશી ,,
,, જેસીંગલાલ મોહનલાલ ,,
,, ગુલાબચંદ ગોલછા એન્ડ કું. ,,
,, વિનયકુમાર કે. પારેખ ,,
,, રાયચંદ નાનચંદ ,,
,, ધરમચંદ રૂપાજી ,,
,, લાલભાઈ ચંદ્રકાંત ,,
,, ચત્રભુજ અમીચંદ ,,
,, બબલચંદ અમુલખ ,,
,, ચંદુલાલ ભગવાનદાસ ,,
,, શાંતીલાલ સાકળચંદ ,,
,, કેશવલાલ મનસુખલાલ ,,

**બે વરસ**

શ્રી માયાબેન ચીમનલાલ મુંબઈ

**એક વરસ**

શ્રી બાબા સોલંકી એન્ડ સન્સ મુંબઈ
,, હીરાલાલ ઉમેદચંદ પરબડી
,, હરીભાઈ મંગળદાસ સાણંદ
,, મણીલાલ મગનલાલ દોલતાબાદ
,, અંબાલાલ લક્ષ્મીચંદ વડોદરા
,, ચુનીલાલ હરજીવનદાસ સાણંદ
,, બાબુભાઈ એન. શાહ આજોલ
,, કપુરચંદ પૃથ્વીરાજ મુંબઈ
,, રસીકલાલ બાપાલાલ ,,
,, કાંતીલાલ મણીલાલ ,,

શ્રી જેસંગલાલ રવચંદ મુંબઈ
,, મોતીલાલ નગીનદાસ ,,
,, ભોગીલાલ અમૃતલાલ ,,
,, પુંજીરામ દલસુખભાઈ ,,
,, અંબાલાલ મગનલાલ ,,
,, નરસી પંચાણ ,,
,, કે. જે. શાહ ,,
,, વીણા કે. શાહ ,,
,, સુમતીચંદ ડાયાભાઈ ,,
,, લીલાવંતીબેન ખુબચંદ ,,
,, શાંતિલાલ એન્ડ કું. ,,
,, હસમુખલાલ જી. શાહ ,,
,, હસમુખલાલ રીખવચંદ ,,

**શાંતીભાઈ એન. પટેલ**
**[માહમમંડળવાળા] ની**
**શુભ પ્રેરણાથી**

શ્રી શાંતીલાલ ચીમનલાલ અમદાવાદ
,, મંગળદાસ રતનચંદ ,,
,, હંસરાજ બનાજી ,
,, રમણલાલ ભીખાલાલ ,,
,, પ્રકાશ સેલ્સ કોરપોરેશન ,,
,, ચીનુભાઈ પ્રેમચંદ ,,
,, જયંતિલાલ મોહનલાલ ,,
,, વિમળભાઈ કેવળચંદ ,,
,, પ્રવિણચંદ્ર શનાલાલ ,,
,, ચીમનલાલ ખુબચંદ ,,
,, ઠાકોરદાસ વિઠ્ઠલદાસ ,,
,, નંદુલાલ ગોરધનદાસ ,,
,, ભીખુભાઈ ગોવીંદજી ,,
,, ડાયાભાઈ ભાયચંદ ,,
,, હિંમતલાલ હરજીવનદાસ ,,

શ્રી જયંતીલાલ એલ. શાહ અમદાવાદ
,, ગીરધરલાલ રામજીભાઇ ,,
,, એન્જીનીયર એન્ડ સન્સ ,,
,, રસીકલાલ સકરચંદ ,,
,, આત્મારામ ખોડીદાસ ,,
,, એ. બી. સર્જીકલ કુાં. ,,
,, રસીકલાલ કચરાદાસ ,,
,, રતીલાલ ચીમનલાલ ,,
,, રણછોડદાસ બાલાભાઈ ,,
,, જયંતીલાલ હરીલાલ ,,
,, વીલાયતીરામ રલારામ ,,
,, પનાલાલ ફત્તેચંદભાઇ ,,
,, વર્ધમાનભાઇ જે. વોરા ,,
,, સોમચંદ મણીલાલ ,,
,, કુમારપાળ એન. શાહ ,,
,, વસંતલાલ બેચરદાસ ,,
,, બાબુલાલ વાડીલાલ શાહ ,,
,, જમનાદાસ અમૃતલાલ મુંબઈ
,, નગીનદાસ કે. શાહ ,,
,, મહેતા મોટર સ્ટોર્સ ,,
,, કુબેરચંદ પાનાચંદ ,,
,, પી. ડી. ટોલીયા ,,
,, કેશવલાલ મણીલાલ ,,
,, સુનીલ એનામલ ઇન્ડસ્ટ્રીઝ ,,
,, મંગળદાસ શાહ ,,
,, જસુભાઈ ચુનીલાલ ,,
,, બાલચંદ સોમચંદ ,,
,, દલપતભાઇ ડોસાભાઈ ,,

શ્રી પ્રવિણચંદ્ર વાડીલાલ સુરત
,, ડાયાભાઈ સોમચંદ મુંબઈ
,, શાંતીલાલની કુાં. ,,
,, સનલાઇટ સીલ્ક મીલ્સ ,,

**પૂ. ત્રૈલોકયસાગરજી મુનિ ભગવંતની શુભ પ્રેરણાથી ત્રણ વરસ**

શ્રી સુખડીયા કાંતીલાલ મંગળદાસ કુકરવાડા

**એક વરસ**

શ્રી શાંતીલાલ મનસુખભાઇ પામોલ
,, માધવલાલ વેણીલાલ ,,
,, ચંદુલાલ જીવરાજ ,,
,, મંગળદાસ ગટાભાઇ ,,
,, ચંદુલાલ કાળીદાસ ,,
,, પોપટલાલ કચરાભાઇ ,,
,, બાબુલાલ મણીલાલ ગેરીતા
,, ચીનુભાઇ કેશવલાલ ,,
,, ધનજીભાઇ બાભાભાઈ ડાભલા
,, મફતલાલ પુનમચંદ (વસઇ) ,,
,, પ્રેમચંદ છગનલાલ કાંચલપુર
,, બબલદાસ હેમચંદ ઉદલપુર
,, કાંતીલાલ મનસુખલાલ કુકરવાડા
,, સાકલચંદ છગનલાલ ,,
,, મફતલાલ કંકુચંદ ,,
,, જયંતિલાલ ભોગીલાલ ,,
,, જયંતલાલ સકરચંદ મુંબઈ
,, વીરચંદ લક્ષ્મીચંદ ,,
,, હીરાચંદ રાયચંદ અમદાવાદ

★



# સ્વ. શ્રી ચીમનલાલ ત્રીભોવનદાસ દાણી

( ગઢ નિવાસી )

અવસાન : સંવત ૨૦૨૧ ના વૈશાખ વદ ૫

દાણી ત્રીભોવનદાસ ભાઈચંદ તથા કકલદાસ ભાઈચંદ બંન્ને કૌટુંબિક ભાઈઓ હતા. શ્રી કકલભાઈને ગાંજાનું ભારે વ્યસન હતું. એક દિવસ લાંબા પ્રવાસેથી ગઢ પાછા ફરતાં રસ્તામાં તેમને એકાદ પૂજ્ય શ્રમણ ભગવંતનો ભેટો થયો હતો. પૂજ્ય શ્રમણ ભગવંતશ્રીના સદ્ઉપદેશથી તેઓશ્રીને ઘણી જ પ્રેરણા મળી. તેઓશ્રીએ ગાંજાનો ત્યાગ કર્યો. અને દિક્ષા અંગીકાર કરી.

શ્રી ત્રીભોવનદાસ દાણીને બે પુત્રો અને એક પુત્રી હતા. **શ્રી લક્ષ્મીચંદ-ભાઇ** અને **શ્રી ચીમનલાલભાઇ.**

શ્રી ચીમનલાલભાઈને પણ ધુમ્રપાનનું વ્યસન હતું. એક દિવસ તેનો પણ તેમને ત્યાગ કર્યો.

તેઓશ્રીએ શત્રુંજય, સમેત શીખરજીની યાત્રાઓ કરી હતી.

તેઓશ્રીને સાત પુત્રો છે. તેમાંના બીજા નંબરના સંતાન શ્રી રતીલાલભાઇએ પૂજ્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીના સમુદાયમાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિસાગરસૂરિજી મ. સા. ના વરદ્ હસ્તે દીક્ષા અંગીકાર કરી છે. જેઓશ્રીનું દીક્ષા પર્યાયનું નામ **મુનિરાજશ્રી ત્રૈલોક્યસાગરજી** મ. સા. છે.

આ દીક્ષા પ્રસંગે સ્વ. શ્રી ચીમનલાલભાઇએ સારો એવો ખર્ચ કર્યો હતો. અને ધાર્મિક અનુષ્ઠાનો કરાવ્યા હતા. આ સાથે જ શ્રી સૌભાગ્યચંદભાઇનો પણ દીક્ષા મહોત્સવ ઉજવાયો હતો. શ્રી સૌભાગ્યચંદભાઈ આચાર્ય શ્રી કસ્તુરસૂરિજીના શિષ્ય **મુનિરાજ શ્રી જીતવિજયજી** બન્યા હતા. હાલ તેઓ કાળ ધર્મ પામી ગયા છે.

સ્વ. શ્રી ચીમનલાલના પત્નિ મંજુબેને તેમજ તેની પૌત્રી કુ. કૈલાસબેને પાલીતાણામાં ઉપધાન તપની આરાધના કરી હતી.

કુ. કૈલાસબેને શ્રી ચીમનલાલભાઇના અંત સમયે તેઓશ્રીને છેવટ સુધી નવસ્મરણ નવકાર મંત્ર વિગેરે ધાર્મિક સ્તોત્રો સંભળાવ્યા હતા. અને વીતરાગ દેવના નામનું સ્મરણ કરતા કરતા જ શ્રી ચીમનલાલભાઇ સમાધિ મરણ પામ્યા હતા.

---

# આગામી અંક

# પર્યુષણ વિશેષાંક

પ્રગટ થશે.

તારીખ દશમીને બદલે આ અંક
તારીખ પંદરમીએ પ્રગટ થશે.

# શાસન સમાચાર

## ગિરિતળેટીમાં
## શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનો પુણ્યોત્સવ.
## ( પાલીતાણા )

વયોવૃદ્ધ ગચ્છાધિપતિ આચાર્ય દેવેશ શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. તેમજ તેઓશ્રીના અંતેવાસી મુનિરાજ મનોજ્ઞસાગરજી મ. સા. ની નિશ્રામાં, શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ, શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ, શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ વગેરે સંસ્થાઓના ઉપક્રમે ગુરૂકુળ મિત્ર મંડળ વાણિજ્ય વિદ્યામંદિરના ભવ્ય સભાગૃહમાં; પરમપૂજ્ય સ્વર્ગસ્થ યોગનિષ્ઠ અધ્યાત્મજ્ઞાન દિવાકર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૪૦ મી પુણ્યતિથિ ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગે સંગીત અને પ્રવચનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સંગીત વિભાગ ગુરૂકુળના બાળકોએ તેમજ શ્રાવિકાશ્રમની બેનોએ સંભાળ્યો હતો. પૂ. આ. મ, શ્રી ઋદ્ધિસાગરસૂરિજી મ. સા., બાલાશ્રમના નિયામક શ્રી ફુલચંદભાઈ દોશી, ગુરૂકુળ મંદિરના આચાર્ય શ્રી જસુભાઈ તલાટીયા, શિક્ષક શ્રી જગુભાઈ ઝવેરી તેમજ વિદ્યાર્થી બંધુ દેવેન્દ્રકુમારે પ્રાસંગીક પ્રવચનો કર્યાં હતાં.

ઉપરાંત આ દિવસે આદિશ્વરદાદા તેમજ શ્રી શાંતિનાથ પ્રભુને લાખેણી આંગી કરાવવામાં આવી હતી. તેમજ ત્રણે સંસ્થાઓમાં સમુહ ભોજન થયું હતું.

## ગુજરાતના પાટનગરમાં ઉજવાયેલ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનો ૪૦ મો સ્વર્ગારોહણ મહોત્સવ (અમદાવાદ)

તા. ૧૭ ૬-૬૫ ના જેઠ વદી ત્રીજના દિવસે આંબલીપોળના ઉપાશ્રયે મહૂજીના ગુણાનુગાન કરવા માટે એક સભા ભરાઈ હતી. આ સભા પૂજ્યપાદ પ્રસિદ્ધવક્તા ઉપાધ્યાય ભગવંત શ્રીમત્ કૈલાસસાગરજી ગણિવર્ય, અનુયોગાચાર્ય

પંન્યાસ પ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્ય, પરમોત્કૃષ્ટ તપસ્વી પંન્યાસ પ્રવર શ્રી સૂર્યસાગરજી ગણિવર્ય, આદિ પૂજ્ય શ્રમણ ભગવંતોની નિશ્રામાં ભરાઇ હતી.

આ પુણ્યોત્સવ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે ગુજરાત રાજ્યના માનનિય પ્રધાનશ્રી વજુભાઇ શાહ, શ્રી ઇંદુમતિબેન શેઠ તથા શ્રી ચંદ્રકાંતભાઇ ગાંધી પધાર્યા હતાં.

આ પુણ્યોત્સવ ત્રણ દિવસ સુધી ઉજવાયો હતો. જેઠ વદી ત્રીજના પૂજ્ય શ્રીમદ્જીના જન્મ પુણ્યદિને તેઓશ્રીનું વિવિધ વક્તાઓએ ગુણાનુગાન કર્યું હતું. અને તે જ દિવસે બપોરના તા. ૧૭-૬-૬૫ ના માણસા નિવાસી **શેઠશ્રી શાંતિલાલ કાંતિલાલ કેશવલાલ** લેબલવાળા તરફથી ગુરુપૂજા ભણાવવામાં આવી હતી.

તા. ૧૮-૬-૬૫ ના સવારે ઝવેરી બબાભાઇ કેશવલાલ તેમજ એ. બી. સી. સર્જીકલ કાં. દવાવાળા તરફથી સવારના નવ્વાણું પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી. આ પૂજાનું સંગીત સંચાલન જૈનધર્મ આરાધક મંડળે કર્યું હતું. તેમજ રાતના આઠ વાગે રાજનગર સંયુકત સંગીત મંડળીએ ભાવનામાં ગુરુગુણ ગીતોની રમઝટ બોલાવી હતી.

તા. ૧૯-૬-૬૫ ના બપોરે બેનોની પૂજા રાખવામાં આવી હતી અને શ્રી પંચ કલ્યાણક પૂજા મહાવીર ટોળીની બેનોએ ભણાવી હતી. આ રાત્રે ભાવના પણ બેઠી હતી.

## માદરે વતનમાં ઉજવાયેલ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની પુણ્યતિથિ ( વિજાપુર )

પૂજ્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીના નામના અઠંગ જાપક અને પ્રસિદ્ધ વક્તા પૂજ્ય **પંન્યાસ પ્રવર શ્રી સુબોધસાગરજી ગણિવર્ય મ. સા.** આદિ શ્રમણ ભગવંતોની નિશ્રામાં, શ્રીમદ્જીના સમાધિ મંદિરના કંપાઉન્ડમાં સૌ નગરજનો તેમજ સમસ્ત સંઘ, શ્રીમદ્જીનું ગુણાનુગાન કરવા ભેગા મળ્યાં હતાં. સવારના પાઠશાળાની બેનોએ પ્રભુ સ્તુતિ તેમજ ગુરુવંદના ગાઇ હતી. ત્યારબાદ **શ્રી બાબુભાઇ ત્રીભોવનદાસ, શ્રી અમૃતલાલ વખારીયા, શ્રી બાબુભાઇ રાખવદાસ, શ્રી નવીનચંદ રીખવદાસ, શ્રી સોગીલાલ અમથાલાલ** આદિ ગુરુ ભકતોએ તેમજ પૂજ્ય પંન્યાસજી મ. સાહેબે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતા.

આ ઉપરાંત **શ્રી ભોગીલાલ વાડીલાલ** તરફથી પાઠશાળાના બાળકો તેમજ બાલિકાઓને પેંડા વ્હેંચવામાં આવ્યા હતાં. ને અધ્યાપક **શ્રી કેવળદાસભાઇને** રૂપિયા પચ્ચીસની રોકડ બક્ષિસ આપી બહુમાન કર્યું હતું.

બપોરના **શ્રી હલસુખભાઇ હીરચંદ ટ્રસ્ટ** તરફથી ગુરૂપૂજા ભણાવવામાં આવી હતી.

## સુંબઇમાં ઉજવાયેલ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની પુણ્યતિથિ (સુંબઇ)

શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના ઉપક્રમે ચોપાટીના જૈન ઉપાશ્રયમાં પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કુશળવિજયજી મ. સા. ની નિશ્રામાં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની ૪૦ મી પુણ્યતિથિ ઉજવવામાં આવી હતી. સેંટઝેવીયર્સ કોલેજના પ્રધ્યાપક શ્રી રમણલાલ સી. શાહે શ્રીમદ્જીની જીવન ઝરમર વિષે પ્રવચન કર્યું હતું. ત્યારબાદ શ્રી અ. જ્ઞા. પ્ર. મં. ના અધ્યક્ષ શ્રી તુલસીદાસભાઇ સવાઇ, શ્રી મનસુખલાલ તારાચંદ, શ્રી ગૌતમભાઈ શાહ, (જૈન સેવકના તંત્રી) શ્રી નટવરલાલ એસ. શાહ, આદિ પ્રવક્તાઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

વયોવૃદ્ધ અને શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના સેવાભાવી ને ઉત્સાહી કાર્યકર શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇએ શ્રીમદ્જીનું વિસ્તૃત ગુણાનુગાન કરતું પ્રવચન કર્યું હતું. અને મંડળની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. સભાનું સંચાલન શ્રી પોપટલાલ મણીલાલ પાદરાકરે કર્યું હતું. પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રીએ પણ શ્રીમદ્જીને ભાવભીની અંજલિ અર્પી હતી.

## સૌ અનુકરણ કરે (કપડવંજ)

અત્રે જેઠ વદ ૧૧ ના રોજ સાહિત્યપ્રેમી, ધર્મહિત. વિદ્વત્વર્ય **શ્રી અભયસાગરજી મ. સા.** ને પૂ૦ ગચ્છાધિપતિ આ. મ. શ્રી માણિક્યસાગરસૂરિજી મ. સા. ના વરદ હસ્તે ગણિ પદારોહણ કરવામાં આવેલ છે. સંઘ આ મહોત્સવ ધામધૂમથી ઉજવવા માંગતો હતો. પરંતુ પૂજ્ય મુનિરાજશ્રીનો દૃઢ સંકલ્પ હતો કે આ ઉત્સવ તદ્દન સાદાઇથી જ ઉજવાય અને તે પ્રમાણે જ આ ઉત્સવ ઉજવાયો હતો. ખરેખર પૂજ્ય મુનિરાજ **શ્રી અભયસાગરજી મ. સા.** સમાજને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે.

## પ્રગતિના પંથે ( મુંબઈ)

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ એમ્પ્લોયમેન્ટ એક્ષ્ચેંજ વિભાગની સભા

ઉપરોક્ત સંસ્થાના આશ્રયે જૈનોના ચારે ફીરકાની એક સભા રવિવાર તા. ૨૩-૬-૬૫ ના રોજ કોન્ફરન્સ હોલમાં મળી હતી.

હાજર રહેલ વ્યક્તિઓએ નીચે મુજબની સૂચનાઓ કરી હતી.

(૧) એમ્પ્લોયમેન્ટ વિભાગના પ્રચાર માટે ચારે ફીરકાની ડીરેકટરી વ્યવસ્થિત તૈયાર કરવી.

(૨) ધંધા–રોજગાર આપવા ચારે ફીરકાના જૈનોને આ વિભાગની જાણ સાથે સરક્યુલર મોકલવા.

(૩) દરેક ફીરકાના સાધુ મુનિરાજોના વ્યાખ્યાન સમયે વેપારીઓ અને ઉદ્યોગપતિઓને નોકરી રાખવા અવરનવર સંબોધન કરવું.

(૪) જૈનપત્રોમાં આ બાબતની વિગતો છાપવા વિનંતિ કરવી. આખરે આ કમિટીના કન્વીનરે ચારે ફીરકાના જૈન વેપારી અને ઉદ્યોગપતિઓએ આ બાબત ગંભીરતા પૂર્વક વિચારવા અને જૈનસમાજના ઉત્કર્ષનું એક મહત્વનું કાર્ય સમજી તેમની પેઢીઓ, ઓફીસો અને કારખાનાઓમાં બેરોજગાર ભાઈ–બહેનોને નોકરી માટેની જગ્યા જ્યારે જ્યારે ખાલી પડે ત્યારે ગોઠવવા વિનંતિ છે. આ અંગે કોન્ફરન્સ ઓફીસ, ગોડીજી બીલ્ડીંગ, ૨૦, પાયધુની, મુંબઈ–૨ ફોન ૩૩૩૨૭૩ માં જાણ કરવાથી અવશ્ય જરૂરી અને લાયકાતવાળા ભાઈઓ બહેનોને મોકલવા પ્રબંધ કરીશું.

## એક યાદગાર સ્મારક ( સાણંદ )

અંચલ સાગર ગચ્છના નવિન બંધાયેલ ઉપાશ્રયના સંદર્ભમાં અષાડ સુદ પાંચમથી અર્હંત્ પૂજનનો મહોત્સવ ઘણી જ ધામધૂમથી થયો હતો. અત્રેના

કોમરસીયલ અને આર્ટીસ્ટીક
પ્રિન્ટર્સ
પ્રિન્ટીંગના
તમામ પ્રકારના કામ માટે
મળો યા લખો:—
શીલ્પા પ્રિન્ટરી
૧૭૦ / ૭૨, ગુલાલવાડી, મુંબઈ–૪.

બજારમાં આવેલો ઉપાશ્રય જીર્ણ થયેલો હોઇ તેમજ તે નાનો હોવાથી બીજા નવિન વિશાળ ઉપાશ્રયની જરૂર હતી. આથી નવિન ઉપાશ્રય બંધાતા અષાડ સુદ પાંચમનું તેનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

પરમ પૂજ્ય વ્યાખ્યાન વાચસ્પતિ ઉપાધ્યાય ભગવંત **શ્રીમત્ કૈલાસસાગરજી** ગણિવર્ય આદિ પૂજ્ય **શ્રમણ** ભગવંતોની પુનિત નિશ્રામાં આ સર્વ પૂણ્ય મેળો યોજાયો હતો. પૂજ્ય ઉપાધ્યાયજી ભગવંતની પ્રેરણાથી અનેક સખી ગૃહસ્થોએ આ નવીન ઉપાશ્રયના માટે નાની મોટી રકમોની સખાવત કરી છે. કહેવાય છે કે સાણંદવાસીઓએ જ લગભગ રૂા. ૭૦,૦૦૦ પ્રથમ ભેગા કર્યા હતા. જેમાં સૌથી મોટી રકમ ભરનાર દાનવીર **શેઠ શ્રી રસીકલાલ શાવલાલભાઈ છે.**

## જ્ઞાન પરબ ( વડગામ )

અત્રેના સંઘની વિનંતિનો સ્વીકાર કરી પૂ. પં. પ્ર. **શ્રી તિલકવિજયજી ગણિવર્ય**ના શિષ્ય રત્ન પૂ. પંન્યાસજી **ભુવનવિજયજી** ગણિવર્ય, મુનિરાજ **શ્રી મહિમાવિજયજી** મ. સા. ચાતુર્માસ માટે પધાર્યા છે અષાડ સુદ ત્રીજના આ સૌ શ્રમણ ભગવંતોનું શ્રી સંઘે ઘણા જ ઉત્સાહથી દબદબા પૂર્વક સ્વાગત કર્યું હતું.

પૂજ્ય પંન્યાસજી મ. સા. ની પ્રેરક વાણીથી ટીંબાચુડીમાં જૈન પાઠશાળા માટે માત્ર થોડા જ સમયમાં લગભગ ૧૫૦૦ રૂપીઆનો ફાળો નોંધાવા પામ્યો છે. અને ફાળાનું કામ હજી ચાલુ જ છે.

## સંતોના આગમનથી પાવન બનેલી ધરતી.

પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ **ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા.** તેમજ તેઓશ્રીના અંતેવાસી વિનેયી શિષ્ય **પૂ. મુનિરાજ શ્રી મનોજ્ઞસાગરજી મહુવા** સંઘની વિનંતીથી ચાતુર્માસ માટે મહુવા પધાર્યા છે.

પ્રશાંત મૂર્તિ પટ્ટપ્રભાવક આચાર્ય દેવેશ શ્રીમદ્ **કીર્તિસાગરસૂરિજી મ. સા.** આદિ શ્રમણ ભગવંતો શ્રી સંઘની વિનંતીથી **ગઢ** ચાતુર્માસ માટે બિરાજમાન છે.

સમાધિ-યે-મસ્ત, વ્યાખ્યાન વાચસ્પતિ **ઉપાધ્યાય** ભગવંત શ્રીમદ્ **કૈલાસસાગરજી ગણિવર્ય**, મ. સા., મુનિરાજ શ્રી **સુરેન્દ્રસાગરજી** મ. સા., પૂજ્ય શ્રમણ ભગવંતો **સાણંદ**માં ચાતુર્માસ માટે બિરાજિત છે.

પુંધરાની ધરતીને પોતાની પુણ્ય સુવાસથી ગત વરસે પાવન કરનાર તેમ જ અનેક જૈનેત્તર ભાઇબ્હેનોને જૈન ધર્મના રાગી બનાવનાર, પ્રસિદ્ધ વક્તા પૂજ્ય પંન્યાસ પ્રવર **શ્રી સુબોધસાગરજી** ગણિવર્ય મ. સા., પૂ. મુનિરાજ **શ્રી મનહરસાગરજી** મ. સા. આદિ ઠાણા પુંધરા સંઘની આગ્રહભરી વિનંતિનો સ્વીકાર આ ચાલુ સાલે પણ અનેક જૈનેતર ભાઇ-બ્હેનોનો ઉદ્ધાર કરવા માટે **પુંધરા** (તા. વીજાપુર) ગામે પધાર્યા છે.

પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ **પ્રેમસૂરિજી મ. સા.** તથા પૂજ્ય પંન્યાસ શ્રી સુબોધવિજયજી આદિ શ્રમણ ભગવંતો **મુંબઇ ગોડીજીના** ઉપાશ્રયે ચાતુર્માસ માટે બિરાજિત છે.

સમાજોદ્ધારક, વિશ્વહિતચિંતક, પૂ. આ. ભગવંત શ્રીમદ્ ધર્મસૂરિશ્વરજી મ. સા., પૂ. સાહિત્ય વ્યાસંગી મુનિરાજ શ્રી યશોવિજયજી મ. સા. આદિ ઠાણા મુંબઇ નમીનાથના ઉપાશ્રયે ચાતુર્માસ માટે પધારતા તેમનો સંઘ આનંદવિભોર બન્યો છે.

## પાલનપુરમાં થએલ દિવ્ય ચમત્કાર

પાલનપુરમાં ચાતુર્માસ રહેલ આચાર્ય શ્રી વિજયકેસરસૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના સાધ્વીજી શ્રી વિનયપ્રભાશ્રીજીને મંગળવાર તા. ૨૯-૭-૬૫ ના સવારે ૧૧ વાગ્યાના સુમારે મોટા દહેરાસરમાં આદિશ્વરજી ભગવાનની સન્મુખ ચૈત્યવંદન કરતા તે વખતે ધ્યાનમાં મગ્ન થતાં જ દૈવિક રીતિએ તેમના પર અપૂર્વ સુગંધિત વાસક્ષેપની વૃષ્ટિ લગભગ અર્ધો કલાક સુધી થયેલ હતી તે વખતે દહેરાસરજીમાં દર્શન કરનારાઓએ નજરો નજર જોતાં આશ્ચર્ય પામ્યા હતા. તે પછી ઘણા ભાવીક લોકો દર્શનાર્થે આવેલા હતો. પાલનપુર શહેરમાં આવો દિવ્ય પ્રસંગ પ્રથમવાર જ હોવાથી અશ્રદ્ધાળુ માનવો પણ પ્રભુ-ભક્તિ અને ભક્તિની દિવ્ય શક્તિનો સ્વીકાર કરતા થયાં છે.

# વીણેલા મોતી

સંગ્રાહક : દીપચંદ એમ. શાહ

રચનાત્મક કાર્યકરોએ રાજદ્વારી કાર્યોમાં ન પડવું એવી મારી સલાહ છે. અને બેઉ કરવા જતાં એકે કામમાં ભલીવાર નહી હોય. —ગાંધીજી

ઇશ્વર દર્શન એટલે દરિદ્રનારાયણની સેવા કરી જીવન કૃતાર્થ કરવું. ગાંધીજી.

ભારતવાસીઓ પાસે હવે શું રહ્યું છે? તે કહો ભાંગી તુટી ઝુંપડીમાં ફાટયાં તુટયાં વસ્ત્રે પડી રહેવું અને ભૂંડની પેઠે છોકરાં પેદા કરી ભૂખ્યાં ભિખારીઓ વધારવા. 'સ્વામી વિવેકાનંદ'

## સુખી-સંતોષી જીવન.

(૧) કામ કરવામાં આનંદ આવે તેવું સ્વાસ્થ્ય જોઇએ.

(૨) આપણી જરૂરીયાતને સંતોષી શકે તેટલું ધન જોઇએ.

(૩) મુશ્કેલીઓને મહાત કરવા માટેનું બળ જોઇએ.

(૪) પોતાની ભૂલો જાણી તેને છોડી દેવાનું મનોબળ જોઇએ.

(૫) શુભ કાર્યો કરવા માટેનો પરિશ્રમ ચાલુ રાખી તે થાય ત્યાંસુધીની ધીરજ રાખવી જોઇએ.

(૬) અન્યને ઉપયોગી થતાં સહાયભૂત થવું જોઇએ.

(૭) પરમાત્માની કૃત્તિઓને સમજવાની શ્રદ્ધા જોઇએ.

(૮) ભવિષ્યને લગતી ચિંતા, અને ડરને દૂર કરવાની શક્તિ જોઇએ.

★ —જર્મન મહાકવિ, 'ગેટે'

## સાભાર સ્વીકાર

રૂા. ૧૦૧) સ્વ. શ્રી ચામનલાલ ત્રીભોવનદાસ દાણીની પુનિત યાદમાં તેમના સુપુત્ર શ્રીયુત અંબાલાલ દાણી તરફથી.

**પૂ. પંન્યાસ પ્રવરશ્રી મહોદયસાગર ગણિવર્ય મ. સા. ના સદુપદેશથી નીચેની રકમો ભેટ મળેલ છે.**

રૂા. ૧૫) અંબાલાલ દલછાભાઇ
રૂા. ૧૫) મીયાચંદ મલુકચંદ
રૂા. ૫) નાનચંદ ભવાનચંદ
રૂા. ૫) હીરાલાલ નગીનદાસ
રૂા. ૨) બાબુલાલ મણીલાલ

**પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મ. સા.ના સદુપદેશથી ભેટ**

રૂા. ૫) શ્રી ખુબચંદ મુલચંદ ચાંગા

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : ઇંદિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : "જૈન વિજય" પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક—સુરત.

# સા વ ધા ન !

શ્રી શશીકાંત રમણલાલ દોશીને (કપડવંજવાળા) બુદ્ધિપ્રભાના પ્રચારક તરીકે અમે નીમ્યાં હતાં. પરંતુ કમભાગ્યે તેઓશ્રીએ સંસ્થા સાથે બનાવટ ને વિશ્વાસઘાત કરી એક પણ ગ્રાહક સભ્યનું લવાજમ તેમજ તેમને મળેલી બીજી ભેટ રકમો કાર્યાલયમાં જમા કરાવી નથી.

આથી બુદ્ધિપ્રભાના તેમના હસ્તક બનેલા સભ્યને વિનંતિ કરવામાં આવે છે કે તેઓ શ્રી શશીકાંત ભાઈની સહીવાળી રસીદ અમને મોકલી આપે. જેથી તે સભ્યોને અંક નિયમિત મોકલી શકાય.

તેમજ શ્રી શશીકાંત ભાઈને અમે પ્રચારક તરીકે છુટા કર્યા છે તો તેમની સાથે બુદ્ધિપ્રભા અંગે કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહિ

અને શ્રી શશીકાંત ભાઈને આ અંકથી ખુલ્લે આમ જાહેર કરવામાં આવે છે કે તેઓશ્રી ૩૧ જુલાઈ ૧૯૬૫ સુધીમાં પોતાનો હિસાબ કાર્યાલયમાં જમા કરાવી જાય. આ તારીખ સુધીમાં તમારો હિસાબ ચૂકતે જમા નહિ થાય તો આગળ કાયદેસર પગલા અમારે ભરવા પડશે તેની આપને જાણ થાય.

લી૦

**ઈંદિરા ગુણવંત શાહ**

તંત્રી

Printed at Arunodaya Printing Press, 69/71 Dhanji Street, Bombay 3.